પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૯૨ • કુલ પાના : ૪ • તારીખ : ૦૨-૦૮-૨૦૨૩ બુધવાર • કિંમત રૂ.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)

RNI NO:- 67073/97 | 9712880678 | panchmahalsamachar@gmail.com | panchmahalsamachar | panchmahalsamachar | www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગૃપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## સમૃદ્ધિ મહામાર્ગના નિર્માણ કાર્ય દરમિયાન ક્રેન પુલ પરથી નીચે પડી જતાં ૧૭ના મોત, મોદીએ દુઃખ વ્યક્ત કર્યું

મુંબઇ,

મહારાષ્ટ્રના થાણેના શાહપુરમાં મંગળવારે વહેલી સવારે એક મોટી દુર્ઘટના ઘટી હતી. થાણેના શાહપુર સરલામ્બે વિસ્તારમાં સમૃદ્ધિ મહામાર્ગના નિર્માણ કાર્ય દરમિયાન ક્રેન એટલે કે ગર્ડર મશીન પુલ પરથી નીચે પડી ગયું હતું. જેથી લગભગ ૧૭ લોકોના મોત થયા છે તેમજ ત્રણ ઘાયલ થયા છે. વિગતો મુજબ આ દુર્ઘટનામાં હજુ પણ ૧૦થી૧૫ લોકો અંદર જ ફસાયેલા છે. ક્રેન લગભગ ૨૦૦ ફૂટથી નીચે પડી હતી જેના પછી અફરા તફરી મચી હતી. આ દુર્ઘટનાનું કારણ હજુ સુધી સ્પષ્ટ જાણવા મળ્યું નથી પરંતુ સૂત્રો પાપ્ત વિગતો મુજબ ઓવરલોડિંગને કારણે આ ઘટના બની હતી.



મહારાષ્ટ્રના થાણેના શાહપુરમાં થયેલી દુર્ઘટના મામલે પ્રધાનમંત્રીએ ટ્વીટ કરી સંવેદના વ્યક્ત કરી છે. તેમણે લખ્યું છે કે, દુર્ઘટનાથી દુઃખી છું, જીવ ગુમાવનારા લોકોના પરિવારો પ્રત્યે મારી ઊંડી સંવેદના.તેમણે મૃતકના પરિવારજનોને ૨ લાખ તેમજ ઘાયલોને રૂ. ૫૦ હજારની સહાયની પણ જાહેરાત કરી છે એનડીઆરએફ અને સ્થાનિક વહીવટીતંત્ર દુર્ઘટનાના સ્થળે કામ કરી રહ્યું છે. એનડીઆરએફની બે ટીમ રાહત અને બચાવ કાર્યમાં લાગી હતી.

પોલીસના જણાવ્યા મુજબ આ વિસ્તારમાં સમૃદ્ધિ હાઈવેના ફેઝ-૩નું કામ ચાલી રહ્યું છે. થાંભલા પર બ્રિજ બનાવવાની ક્રેન ત્યાં હતી અને આ ક્રેનની મદદથી ગર્ડરને ઉંચો કરીને જોડવામાં આવી રહ્યો હતો. ક્રેન લગભગ ૨૦૦ ફૂટની ઊંચાઈએ હતી. જે મંગળવારે વહેલી સવારે શાહપુર વિસ્તારમાં આ મશીન અચાનક નીચે પડી ગયું હતું. પુલની નીચે મોટી સંખ્યામાં શ્રમિકો હતા જેઓ આ દુર્ઘટનાના ભોગ બન્યા હતાં. મશીન પડવા પાછળનું સાચું કારણ જાણી શકાયું નથી. ઈજાગ્રસ્ત લોકોને બહાર કાઢવાની કામગીરી ચાલી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ એક ડઝનથી વધુ લોકો ફસાયેલા હોઈ શકે છે.

શાહપુર પોલીસના જણાવ્યા અનુસાર, આ અકસ્માતમાં ૧૭ લોકોના મોત થયા છે જ્યારે ત્રણ લોકો ઘાયલ થયા છે. સમૃદ્ધિ મહામાર્ગના નિર્માણ કાર્ય દરમિયાન શાહપુર વિસ્તારમાં ગર્ડર લોન્ચિંગ મશીન નીચે પડી ગયું હતું. ફેઝ-૩ના કામ દરમિયાન મશીનનો ઉપયોગ કરવામાં આવી રહ્યો હતો. પોલીસે આ અંગે બેદરકારીની કલમો હેઠળ ગુનો નોંધીને તપાસ હાથ ધરી છે. પ્રાથમિક તપાસમાં ઓવરલોડના કારણે મશીન નીચે પડ્યું હોવાની વાત સામે આવી રહી છે. આ વિસ્તારમાં હાઈવે બનાવવાનો કોન્ટ્રાક્ટ કઈ કંપનીને આપવામાં આવ્યો હતો અને તેના માલિક કોણ છે તેની તપાસ કરવામાં આવી રહી છે.

આ દુર્ભાગ્યપૂર્ણ ઘટના વડા પ્રધાન નરેન્દ્ર મોદી મહારાષ્ટ્રની મુલાકાતે આવવાના હતા તેના કલાકો પહેલાં બની હતી. સમૃદ્ધિ મહામાર્ગ પર દુર્ઘટના અને અકસ્માતો અટકવાનું નામ નથી લઈ રહ્યા. થોડા દિવસો પહેલા સમૃદ્ધિ હાઈવે પર એક પેસેન્જર બસને મોટો અકસ્માત થયો હતો. અકસ્માત બાદ બસમાં આગ લાગી હતી અને ૨૫ મુસાફરોના મોત થયા હતા. આ ઘટનામાંથી બહાર ન આવતાં સમૃદ્ધિ હાઈવે પર શાહપુર ખાતે મોટો અકસ્માત સર્જાયો હતો. આમાં અત્યાર સુધીમાં ૧૫ થી ૨૦ મજૂરોના મોત થયા છે. મૃત્યુઆંક હજુ વધે તેવી શક્યતા છે. અંધારું હોવાથી, મશીનોના ગર્ડરની નીચે કેટલા લોકો દટાયા હતા અથવા મૃતકોની ચોક્કસ સંખ્યા કહી શકાય તેમ નહોતું.

દેવેન્દ્ર ફડનીસના મહત્વના પ્રોજેક્ટ સમૃદ્ધિ હાઈવેના બે તબક્કા શરૂ થઈ ગયા છે. હાલમાં નાગપુરથી ઈગતપુરી સુધી સમૃદ્ધિ હાઈવે ચાલી રહ્યો છે. સમૃદ્ધિ હાઈવેનો છેલ્લો અને ત્રીજો તબક્કો ડિસેમ્બર ૨૦૨૩ સુધીમાં પૂર્ણ થવાની સંભાવના છે. આ સો કિલોમીટરનો છે. ડિસેમ્બર ૨૦૨૨ માં, વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શિરડી અને નાગપુર વચ્ચે ૫૨૦ કિલોમીટર લાંબા સમૃદ્ધિ હાઈવેના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કર્યું હતું. તે પછી, પ્રોજેક્ટના બીજા તબક્કાનું ઉદ્ઘાટન મુખ્યમંત્રી એકનાથ શિંદે અને દેવેન્દ્ર ફડણવીસ દ્વારા કરવામાં આવ્યું હતું. ઈગતપુરી તાલુકાના નાગપુરથી ભરવીર ગામ સુધીનો કુલ ૬૦૦ કિમીનો રસ્તો ખુલ્લો મુકાયો છે.

આ ઘટના અંગે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદેએ આ ઘટના અંગે ઉડા શોકની લાગણી વ્યકત કરી હતી અને કહ્યું કે મૃતકના પરિવારને ૫ લાખ રૂપિયાનું વળતર આપવામાં આવશે. આ એક કમનસીબ ઘટના છે. સ્વિસ કંપની અહીં કામ કરતી હતી. ઘટનાની તપાસ કરવા માટે સૂચના આપવામાં આવી છે.

એ યાદ રહે કે ડિસેમ્બર ૨૦૨૨ માં તેના ઉદ્ઘાટનથી, સમૃદ્ધિ એક્સપ્રેસ વે પર ૮૪૬ અકસ્માતો થયા છે. તેમાંથી ૧૦૫ અકસ્માત જીવલેણ હતા, જેમાં ૧૦૦થી વધુ લોકોના મોત થયા હતા. તમામ અકસ્માતોમાં ૬૬૦ લોકો ઘાયલ થયા હતા.

આ અકસ્માતોમાંથી ૮૭ ગંભીર કેટેગરીના હતા જેમાં ૨૩૨ લોકોને ગંભીર ઈજાઓ પહોંચી હતી, ૨૧૫ નાના અકસ્માતો હતા જેમાં ૪૨૮ લોકોને નાની-મોટી ઈજાઓ થઈ હતી, જ્યારે ૨૭૫ એવા હતા કે જેમાં કોઈને ઈજા થઈ ન હતી.

## ફક્ત એપ્રિલ-મે મહિનામાં GST અને કસ્ટમ્સની ૧૪ હજાર કરોડ રૂપિયાની 'છટકબારી' ઝડપાઇ !!!

જીએસટી વિભાગ અને આવકવેરા વિભાગ સતત એ દિશામાં જ કાર્ય કરી રહ્યું છે કે જેનાથી કરદાતાઓ કોઈપણ પ્રકારની છટકબારી ન ગોતે ત્યારે ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિના એટલે કે એપ્રિલ અને મેં માસમાં જીએસટી અને કસ્ટમ્સની ૧૪૦૦૦ કરોડ રૂપિયાની છટકબારી ઝડપાય છે અને જીએસટીએ ૨૮ લોકોની ધરપકડ કરી ૫૭૧૬ કરોડ રૂપિયાની વસૂલાત પણ કરી છે.હાલ કર ન કરવો પડે તેના માટે જીએસટી માં જે રીતે કરદાતાઓ કાર્ય કરી રહ્યા છે તેને ધ્યાને લઈ સરકાર છીંડા બુરવા જીએસટી કવાયત હાથ ધરી છે.

ચાલુ નાણાકીય વર્ષના પ્રથમ બે મહિનામાં, રૂ. ૧૪,૩૦૨ કરોડની જીએસટી છટકબારીના ૨,૭૮૪ કેસ શોધી કાઢવામાં આવ્યા હતા, જ્યારે આ સમયગાળા દરમિયાન રૂ. ૫,૭૧૬ કરોડની કર વસૂલાત કરવામાં આવી હતી. કેન્દ્ર સરકારે સોમવારે લોકસભામાં આ માહિતી આપી હતી. લોકસભામાં એક પ્રશ્નના લેખિત જવાબમાં નાણાપ્રધાન નિર્મલા સીતારમણે ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ અને આવકવેરા ચોરી અને કસ્ટમ્સ વિભાગ દ્વારા દાણચોરીના કેસોની તપાસની વિગતો આપી હતી. બીજી તરફ કસ્ટમ્સ માં ૧૦૩૧ કરોડ રૂપિયાની ચોરી હોવાનું પણ ખુલ્યું છે.

વર્ષ ૨૦૨૦-૨૧ થી ૨૦૨૩-૨૪ (એપ્રિલ-મે) વચ્ચે ૪૩,૫૧૬ કેસોમાં રૂ. ૨.૬૮ લાખ કરોડની જીએસટી કરચોરી મળી આવી હતી. આ સમયગાળા દરમિયાન ૭૬,૩૩૩ કરોડ રૂપિયાની વસૂલાત કરવામાં આવી હતી, જ્યારે ૧,૦૨૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી. ચાલુ નાણાકીય વર્ષના એપ્રિલ-મેમાં રૂ. ૧૪,૩૦૨ કરોડની જીએસટી ચોરીના ૨,૭૮૪ કેસ મળી આવ્યા હતા. આ સમયગાળા દરમિયાન ૨૮ લોકોની ધરપકડ કરવામાં આવી હતી અને ૫,૭૧૬ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. સર્વે મુજબ, છેલ્લા પાંચ વર્ષમાં આવકવેરા વિભાગ દ્વારા હાથ ધરવામાં આવેલા સર્ચ અને જપ્તીના આંકડા, ૩,૯૪૬ જૂથો પર દરોડા પાડવામાં આવ્યા હતા અને ૬,૬૬૨ કરોડ રૂપિયાની સંપત્તિ જપ્ત કરવામાં આવી હતી.

સર્ચ ઓપરેશન હાથ ધરીને ૧૭૬૫.૫ કરોડ રૂપિયા જપ્ત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગત નાણાકીય વર્ષમાં ૧,૨૫૩ સર્વે પણ કરવામાં આવ્યા છે. સીતારમણે જણાવ્યું કે ડિપાર્ટમેન્ટ કરચોરીને પકડવા માટે ડેટા એનાલિટિક્સ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ જેવી હાઈટેક પદ્ધતિઓનો ઉપયોગ કરી રહ્યું છે તેના કારણે આ કરચોરી પકડાઈ છે. કેટલાક મહત્વપૂર્ણ પગલાઓમાં કોમ્પ્યુટરની મદદથી મોનિટરિંગ અને ડેટામાં સંશોધન કરીને કેસોની પસંદગી કરવી, પસંદગી બાદ કાર્યવાહીને પ્રાથમિકતા આપવા માટે મોનિટરિંગ સિસ્ટમ, કરચોરીને સમાપ્ત કરવામાં મદદ કરવા માટે આવકવેરા બિઝનેસ એપ્લિકેશનનો સમાવેશ થાય છે, જે વિભાગના તમામ વર્ટિકલ્સ પર લાગુ કરવામાં આવશે, એમ સીતારામના નિવેદનમાં કહેવામાં આવ્યું છે. નોંધનીય છે કે, બનાવટી અથવા બોગસ રજિસ્ટ્રેશનને પકડવા વિભાગે તાજેતરમાં ૧૬ મેથી ૧૫ જુલાઈ સુધી દેશભરમાં ઝુંબેશ શરૂ કરી હતી.

જીએસટી કાઉન્સિલે ઓનલાઈન ગેમિંગ પર ૨૮ ટકા જીએસટી લાદવાનો નિર્ણય લીધો છે. ત્યારે નાણામંત્રાલયે કહ્યું કે કોઈ પણ પ્રકારની ઓનલાઈન રમત અથવા કેસીનો પર દરેક ટેબલ પર એક અધિકારીને હાજર રાખવા શક્ય નથી જેથી કેસીનો અને ઓનલાઈન ગેમિંગ ઉપર જીએસટી નો દર ૨૮ ટકા જ રહેશે. ઓનલાઈન ગેમિંગ, કેસિનો અને હોર્સ રેસિંગ પર ૨૮ ટકા જીએસટી લાદ્યા બાદ આ બેઠકમાં જીએસટી કાઉન્સિલ સમક્ષ જીએસટી કાયદામાં સુધારો અને નિયમોને મંજૂરી આપવાનો પ્રસ્તાવ મૂકવામાં આવ્યો હતો.

### હરિયાણાના અનેક શહેરોમાં તણાવનો માહોલ

## મેવાત, ગુરુગ્રામ, ફરીદાબાદ અને રેવાડી જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ, સ્કૂલ-કોલેજો બંધ

ગુરુગ્રામ,

ફરીદાબાદ અને રેવાડી આ ચાર જિલ્લા છે જ્યાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. બંને પક્ષો વચ્ચેનો વિવાદ અને પથ્થરમારો બાદ તણાવનો માહોલ ઉભો થયો છે. આ તણાવ મેવાતના નૂહ વિસ્તારથી શરૂ થયો હતો. જ્યાં હિન્દુ સંગઠનો દ્વારા કાઢવામાં આવી રહેલી બ્રજમંડળ યાત્રા દરમિયાન બે જૂથ વચ્ચે અથડામણ થઈ હતી. અથડામણ બાદ પથ્થરમારો થયાની વિગતો સામે આવી હતી ત્યારબાદ પચાસ વાહનોને આગ ચાંપી દેવામાં આવી હતી. આ હિંસામાં બે હોમગાર્ડ અને એક નાગરિક મોત થયા હતા અને ૧૦થી વધુ પોલીસકર્મીઓ ઘાયલ થયા છે.



શરૂઆતી માહોલમાં મેવાતની પોલીસ દળ હિંસા પર કાબૂ મેળવવા માટે ઓછું પડ્યું હતું અને આવી સ્થિતિમાં મેવાત ફોર્સને ગુરુગ્રામથી હિંસા પ્રભાવિત વિસ્તારમાં મોકલવામાં આવી હતી. આ દરમિયાન હુમલાખોરોએ મેવાતથી ગુરુગ્રામ જઈ રહેલા પોલીસ વાહનો પર પણ પથ્થરમારો કર્યો હતો. આ હુમલામાં કેટલાક પોલીસકર્મીઓ ઘાયલ થયા હતા. તો બીજી તરફ હોમગાર્ડ નીરજ (સ્ટેશન ખેરકી દૌલા) અને હોમગાર્ડ ગુરસેવક (સ્ટેશન ખેરકી દૌલા)નું મોત થયું હતું.

વિગતો મુજબ તમામ ઘાયલ પોલીસકર્મીઓને મેદાંતા હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામા આવ્યા છે. જણાવી દઈએ કે, હરિયાણાનો મેવાત-નુહ વિસ્તાર પહેલાથી જ ગાય-તસ્કરી વિવાદમાં ખૂબ જ સંવેદનશીલ રહ્યો છે. આ વિસ્તાર દેશની રાજધાનીથી માત્ર દોઢ કલાકના અંતરે આવેલો છે. મેવાત જેવા વિસ્તારોમાં ધાર્મિક યાત્રા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. મંદિરને ઘેરીને હુમલાનો દાવો કરવામાં આવ્યો હતો, જેને લઈ અનેક લોકો મંદિરમાં ફસાયા હોવાનો દાવો કરવામાં આવ્યો હતો જે બાદમાં રેસ્ક્યુ પણ કરવામાં આવ્યો હતો.

નૂહના ડેપ્યુટી કમિશનર પ્રશાંત પંવાર કહ્યું કે, પોલીસ આ મામલાની તપાસ કરી રહી છે. ઈન્ટરનેટ સેવાઓ ૩ દિવસ માટે બંધ કરી દેવામાં આવી છે. જિલ્લામાં કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. કર્ફ્યુના આદેશ આપવામાં આવ્યા છે અને અમે બધાને શાંતિ જાળવવા અપીલ કરીએ છીએ. ફસાયેલા તમામ લોકોને બચાવી લેવાયા છે તેમજ એક જાનહાનિના અહેવાલ છે અને સ્થિતિ હવે સામાન્ય છે. જિલ્લામાં કર્ફ્યુ લાદવામાં આવ્યો છે. બીજી તરફ ગુરુગ્રામના પોલીસ કમિશનરે કહ્યું કે સોહનામાં સ્થિતિ તનાવપૂર્ણ છે.

મેવાત જિલ્લામાં બબાલ બાદ કલમ-૧૪૪ લાગુ કરી દેવામાં આવી છે. ડેપ્યુટી કમિશનરે સ્થાનિક લોકોને શાંતિ જાળવવા અપીલ કરી છે. જિલ્લામાં વધારાની પોલીસ ફોર્સ પણ તૈનાત કરવામાં આવી છે. હાલ સ્થિતિ નિયંત્રણમાં છે તેમજ આગામી આદેશ સુધી મેવાત જિલ્લામાં ઈન્ટરનેટ સેવા બંધ કરવામાં આવી છે. જિલ્લાના ડીએમએ ટેલિકોમ કંપનીઓને આ સંબંધિત આદેશો જારી કર્યા છે. હંગામા બાદ નુહ અને મેવાત વિસ્તારોમાં ઈન્ટરનેટ સેવા આગામી આદેશ સુધી અને કોલિંગ અને મેસેજિંગ સેવાઓ ૨ ઓગસ્ટ સુધી સ્થગિત કરી દેવામાં આવ્યા છે. ડેપ્યુટી કમિશનરે ૧ ઓગસ્ટે તમામ સરકારી અને ખાનગી શાળાઓને બંધ રાખવાનો આદેશ જારી કર્યો છે.

હિન્દુ સંગઠનો દ્વારા નક્કી કરવામાં આવ્યું હતું કે બ્રજમંડળ યાત્રા નીકાળવામાં આવશે. પ્લાન મુજબ મેવાતમાં શિવ મંદિરની સામે બ્રિજમંડળ યાત્રા કાઢવામાં આવી રહી હતી ત્યારે યાત્રા પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો. આ બ્રિજમંડળ યાત્રામાં બજરંગ દળના અનેક કાર્યકરો પહોંચ્યા હતા. મોનુ માનેસરે પહેલા જ વીડિયો શેર કરીને યાત્રામાં વધુને વધુ લોકોને પહોંચવાની અપીલ કરી હતી. મોનુ માનેસરની અપીલથી નારાજ નૂહના સ્થાનિક લોકોએ?ભારે હંગામો મચાવ્યો હતો અને ત્યારે જ આ પથ્થરમારો થયો હતો.

## કોંગ્રેસ સાસંદ શક્તિસિંહ ગોહિલને સંસદમાં મોટી જવાબદારી મળી

અમદાવાદ,

ગુજરાત કોંગ્રેસના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહીલને સંસદમાં મોટી જવાબદારી મળી છે. તેમને સંસદની જાહેર હિસાબ સમિતિ (પીએસી) ની સબ કમિટી (સિવિલ ૧) ના કન્વિનરની જવાબદારી આપવામાં આવી છે. આ અંગે શક્તિસિંહ ગોહિલે ટ્વિટ કરીને માહિતી આપી છે. જેમાં તેમણે લખ્યું છે કે સંસદની જાહેર હિસાબ સમિતિ (પીએસી) ની સબ કમિટી (સિવિલ ૧) ના કન્વિનરની જવાબદારી આજથી મને સોંપવામાં આવી છે. આપ બધાની શુભ કામનાઓ ઈચ્છું છું કે આ મહત્વની જવાબદારી વહન કરવામાં સફળ રહું.

બીજી તરફ ગુજરાત કોંગ્રેસ કાર્યાલય ખાતે પ્રદેશ કોંગ્રસ પ્રમુખ શક્તિસિંહ ગોહિલની અધ્યક્ષતામાં ૩૩ જિલ્લાઓ અને ૮ મહાનગરપાલિકાના પ્રમુખ સાથે સંવાદ બેઠક યોજાઈ હતી. શક્તિસિંહ ગોહિલ પ્રદેશ પ્રમુખ બન્યાં બાદની સત્તાવાર આ પહેલી બેઠક હતી. આ બેઠકમાં કોંગ્રેસ આગામી કાર્યક્રમ અને લોકસભા ચૂંટણી અંગે અત્યારથી જ મંથન શરૂ કર્યું હતું. શક્તિસિંહ ગોહિલની અધ્યક્ષતામાં મળેલી બેઠકમાં મુખ્ય સંગઠન મજબૂત કરવા પર ભાર મુકાયો હતો.

સંવાદ બેઠક'માં ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ અને સાંસદ શક્તિસિંહ ગોહિલે જણાવ્યું કે, પક્ષમાં કામ કરનારને મહત્વ મળશે. નેતા આધારે નહીં પણ પક્ષની વિચારધારા માટે જે અસરકાર અને મજબૂતીથી કામ કરશે તેને મહત્વ અપાશે. કોંગ્રેસ પક્ષની વિચારધારાને વધુ લોકો સુધી પહોંચાડનારા માટે સ્થાનિક જનસંપર્ક મહત્વનો છે. વિવિધ ક્ષેત્રોમાં સ્થાનિક કક્ષાએ કામ કરનારને પક્ષમાં જોડીને મજબૂત કરવી સમયની માંગ છે.

## ઓગષ્ટ-સપ્ટે.માં મધ્ય ભારતમાં ઓછો વરસાદ પડશે

નવીદિલ્હી,

ચોમાસાની સીઝનમાં બે મહિના પુર્ણ થઈ ગયા છે અને ઓગષ્ટ-સપ્ટેમ્બરના બાકીના બે મહિનામાં પણ વરસાદ 'નોર્મલ' રહેવાની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાનખાતાના વડા મૃત્યુંજય મહાપાત્રાએ જો કે, એમ કહ્યું કે હવેના બે માસનો વરસાદ નોર્મલ હોવા છતાં નેગેટીવ સાઈડનો હશે

હિમાલયન ક્ષેત્રને લાગુ ભાગો ઉપરાંત પુર્વ મધ્ય ભારત તથા પુર્વોતરના અમુક ભાગોમાં નોર્મલ કે તેથી વધુ વરસાદ થવાની સંભાવના છે જયારે પશ્ર્ચીમી તથા ગુજરાત-મહારાષ્ટ્ર સહિત મધ્ય ભારતના ક્ષેત્રોમાં નોર્મલ કરતા ઓછો વરસાદ રહેશે. પેસીફીક મહાસાગરમાં ઉદભવેલી અલનીનોની સ્થિતિ હજુ નબળી છે પરંતુ આવતા દિવસોમાં મજબુત થઈ શકે છે અને આવતા વર્ષના પ્રારંભીક મહિનાઓ સુધી ચાલુ રહેવાના સંકેત છે.

ઈન્ડીયન એસન ડીપોલ (આઈઓડી) હાલ ન્યુટ્રલ છે પરંતુ બે મહિના દરમ્યાન સાનુકુળ બની શકે છે તેના પ્રભાવ હેઠળ ભારતમાં નોર્મલ વરસાદ થઈ શકે છે. હવામાન વિભાગના કહેવા પ્રમાણે ઓગષ્ટનો વરસાદ નોર્મલ કરતા ૯૪ ટકા અર્થાત ઓછો રહેવાની શકયતા છે. આ દરમ્યાન તાપમાન પણ સામાન્ય કરતા અધિક રહેવાની શકયતા છે. જુલાઈમાં જોરદાર વરસાદ થયો હોવાથી ઓગષ્ટમાં તે ઓછો પડે તો પણ ખરીફ પાકને કોઈ વાંધો આવવાની સંભાવના નથી.

## મહારાષ્ટ્ર ટ્રેન ફાયરિંગ : આરોપી RPF કોન્સ્ટેબલને ૭ ઓગસ્ટ સુધી પોલીસ કસ્ટડીમાં મોકલાયો

મુંબઈ,

મુંબઈની એક કોર્ટે મંગળવારે રેલવે પ્રોટેક્શન ફોર્સના કોન્સ્ટેબલ ચેતન સિંહને ૭ ઓગસ્ટ સુધી સરકારી રેલવે પોલીસની કસ્ટડીમાં મોકલી દીધો હતો, જેઓ ચાલતી ટ્રેનમાં ચાર લોકોની ગોળી મારીને હત્યા કરવાના આરોપમાં હતા. આ ઘટના સોમવારે સવારે પાલઘર સ્ટેશન પાસે જયપુર-મુંબઈ સેન્ટ્રલ એક્સપ્રેસ ટ્રેનમાં બની હતી. અધિકારીઓએ જણાવ્યું હતું કે આરોપી, કોન્સ્ટેબલ ચેતન સિંહ (૩૪), તેના વરિષ્ઠ અધિકારી અને આરપીએફ સહાયક સબ-ઈન્સ્પેક્ટર ટીકારામ મીના અને અન્ય ત્રણ મુસાફરોની કથિત રીતે ગોળી મારીને હત્યા કરી હતી. સિંહની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેમના હથિયાર પણ મળી આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા અનુસાર, રેલવે બોર્ડે ઘટનાની તપાસ માટે પાંચ સભ્યોની સમિતિની રચના કરી છે.

## કોગ્રેસે ૫ ચૂંટણી રાજ્યોમાં નિયુક્ત ઓબ્જર્વર કર્યા

નવીદિલ્હી,

લોકસભા ચૂંટણીમાં પહેલા વેં ૨૦૨૩ માં ૫ રાજ્યોમાં વિધાનસભા ચૂંટણી થવાની છે. જેને લિને રાજનીતિક દળોએ તૈયારી શરુ કરી દિધી છે. કોગ્રેસે સોમવારે રાજસ્થાન અને મધ્યપ્રદેશ સહિત કુલ પાંચ રાજ્યો માટે ચૂંટણી ઓબ્જર્વરના નામોની જારેરાત કરી છે. રાજસ્થાનમા મધુસૂદન મિસ્ત્રીને સીનિય ર ઓબ્જર્વર જ્યારે શશિાંત શેંથિલને ઓબ્જર્વરની જવાદારી સોપવામાં આવી છે.

કોગ્રેસે પાંચ ચૂંટણી રાજ્યો રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢ, તેલંગાણા અને મિરજોરમ માટે ઓબ્જર્વરની નિયુક્તિ કર્યા છે. પાર્ટીએ સોમવારે તેની જાહેરાત કરી હતી. પાર્ટીએ રાજસ્થાનમાં મધુસુદન મસ્ત્રી અને શશિકાંત શેંથિલ, છતીસગઢમાં કોગ્રેસના પ્રીતમ સિહ અને મીનાક્ષી નટરાજને જવાબદારી સોપી છે. તેલંગાણામાં દીપદાશ મુંશી અને મજોરમમાં સચિન રાવની નિણૂંક કરવામાં આવી છે.

જ્યારે મધ્યપ્રદેશમાં રાણદીપ સિહ સુરજેવાળાને અને ચંદ્રકાડા હડૌરને ઓબજર્વર બનાવામાં આવ્યા છે . તેલંગાણામાં દીપ દાસ મુંશી એ સિરીવિલ્લી પ્રસાદને આ મહત્વની જવાબદારી સોપવામાં આવી છે. જ્યારે મજોરમમાં કોગ્રેસે સચિન રાવને સૂચણી ઓબ્જર્વર નિયુક્ત કર્યા છે.

રાજસ્થાન, મધ્યપ્રદેશ, છતીસગઢ, તેલંગાણા અને મિરજોરમમાં આ વર્ષના અંતમાં વિધાનસભાની ચૂંટણી થવાની છે. એવામાં રાજકીય પક્ષો શકીય થઇ ગયા છે. કોગ્રેસ પાર્ટી તરફથી રાજ્યોમાં આ મહત્વના પદો પર નિયુક્તિની જાહેરાત કરવામાં વી હતી. પાર્ટી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખરગે તરફથી લીલી ઝંડી મળ્યા બાદ કરવામાં આવી હતી.

## કચ્છમાં ફરી આવ્યો ધરતીકંપ, ભચાઉથી ૧૩ કિલોમીટર દુર નોંધાયુ ભૂકંપનું કેન્દ્રબિંદુ

ભુજ,

ગુજરાતના કચ્છમાં વારંવાર ભૂકંપના આચંકા અનુભવાતા હોય છે. ત્યારે ફરી એક વાક ભૂકંપના આંચકાથી કચ્છ ધણધણ્યુ છે. કચ્છના ભચાઉમાં ધરતીકંપના આંચકા અનુભવાયા હોવાનું સામે આવ્યુ છે. ભચાઉમાં ૨.૯ તિવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભચાઉથી ૧૩ કિમિ દુર ભૂકંપનું કેન્દ્રબિંદુ નોંધાયુ છે. આ પહેલા ૨૩ જુલાઇ ૨૦૨૩ના રોજ રાત્રે ૭.૨૯ કલાકે કચ્છના જ ભચાઉમાં ભૂકંપ આવ્યો હતો. આ ભૂકંપની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૩.૧ નોંધાઈ છે. તો ૨૩ જુલાઈ ૨૦૨૩ના રોજ બપોરે પણ ૧.૧૯ કલાકે કચ્છના ફતેહગઢમાં ભૂકંપના આંચકા અનુભવાયા હતા. જેની તિવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૭ નોંધવામાં આવી હતી.

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
કાલોલ તાલુકા ખ.વે.સંઘ
તરફથી અભીનંદન....
મુ. સણસોલી,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
જે.આર. રાઠોડ
તરફથી અભીનંદન....
મુ. અંબાલા,
તા. કાલોલ,
જી. પંચમહાલ

અભીનંદન....
પંચમહાલ સમાચાર દૈનિક
૨૭માં વર્ષમાં મંગલ પ્રવેશ થતાં
વી.એ. સોલંકી
તરફથી અભીનંદન....
મુ. પીંગળી,
તા. કાલોલ,
જી. પંચમહાલ

# નારી વંદન ઉત્સવ : નારી શકિતને બિરદાવતી પદયાત્રાને લીલીઝંડી આપી પ્રસ્થાન કરાવતા જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર

મહિસાગર,

જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોરની પ્રેરક ઉપસ્થિતિમાં મહિસાગર જીલ્લામાં નારી વંદન ઉત્સવ' જેવા મહત્વપૂર્ણ અભિયાનનો શુભારંભ કરવામાં આવ્યો છે.

મહિસાગર જીલ્લામાં નારી વંદન ઉત્સવ ની સપ્તાહિત ઉજવણીના પ્રથમ દિવસે મહિલા સુરક્ષા દિવસ ની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે જીલ્લાની મહિલાઓને શિક્ષિત કરવા, સુરક્ષા પ્રદાન કરવા અને સશક્ત કરવાના ઉમદા આશય સાથે કલેકટર કચેરી કમ્પાઉન્ડ થી પી.એન. પંડયા કોલેજ સુધી યોજાયેલી પદયાત્રાને જીલ્લા પંચાયત પ્રમુખ રમીલાબેન ડામોર હસ્તે લીલીઝંડી આપીને પ્રારંભ કરાવાયો હતો.


તસ્વીર : ધ્રુવ દરજી, લુણાવાડા

આ પદયાત્રામાં આઈ સી ડી એસ બહેનો, એન.એસ એસ વિદ્યાર્થી અને અન્ય સ્ટાફ દ્વારા પ્લે કાર્ડ, બેનર્સ તેમજ સુત્રોચાર થકી નારી શકિતને બિરદાવવા તથા મહિલા ઉત્કર્ષ માટે જનજાગૃતિના સફળ પ્રયાસ કર્યા હતો. બીજી તરફ નગરજનોએ આ પદયાત્રાને આવકાર આપ્યો હતો.

સાથે મહિલા સુરક્ષા દિવસ નિમિતે પી.એન.પંડયા કોલેજ ખાતે સેલ્ફ ડીફેન્સ નિદર્શન-સુરક્ષા સેતુ દ્વારા કાયદાકીય (સાયબર ગુનાઓ/ જીંઉ ટીમ તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન એપ્લીકેશન ડેમોસ્ટ્રેસન અને ડાઉનલોડ વગેરે) યોજનાઓના શયભ વિતરણ કાર્યક્રમ યોજાયો હતો.

દીકરીઓએ પણ 'બેટી બચાવો, બેટી પઢાવો' સહિત સ્ત્રી શોષણ તેમજ ભૃણ હત્યાને રોકવા અંગે પ્લેકાર્ડસ અને સુત્રોચાર થકી જાગૃત કાર્ય હતા. આ પ્રસંગે આઈ.સી.ડી.એસ. બહેનો, એન.એસ એસ વિદ્યાર્થી સહિત મહિલા અને બાળ વિકાસ વિભાગ અને પોલીસ વિભાગના-કર્મચારીઓ સહિત સંબંધિત વિભાગના કર્મયોગીઓ પદયાત્રામાં જોડાયા હતા.

# મેરી મીટ્ટી, મેરા દેશ : આગામી સ્વતંત્રતા પર્વની ઉજવણી સંદર્ભે મહિસાગર જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને બેઠક સંપન્ન

મહિસાગર,

આઝાદીના અમૃત મહોત્સવ અંતર્ગત આ વર્ષે સ્વતંત્રતા પર્વના અવસરે માતૃભૂમિના વીરો અને માટીને વંદનની થીમ પર કેન્દ્ર અને રાજય સરકાર દ્વારા 'મેરી મીટ્ટી, મેરા દેશ' કાર્યક્રમ યોજાશે. જે અન્વયે જીલ્લા કલેકટર ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને બેઠક યોજવામાં આવી હતી. જેમાં કલેકટરએ કાર્યક્રમની તૈયારીઓને લગતા વિવિધ મુદ્દાઓની સમીક્ષા કરી હતી.



ભારત સરકાર દ્વારા આઝાદી કા અમૃત મહોત્સવ અન્વયે માટીને નમન વીરોને વંદન થીમ અંતર્ગત વિવિધ કાર્યક્રમ તા.૦૯ ઓગસ્ટથી થનાર પંચાયત, બ્લોક સ્તરે અને રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો યોજાશે. આ ઉપરાંત રાજય સરકારના વિવિધ વિભાગો આ કાર્યક્રમમાં સહભાગી થશે. આ કાર્યક્રમ અંતર્ગત પંચાયત સ્તરે 'મિટ્ટી ઓફ ધ મધરલેન્ડ' કાર્યક્રમ યોજાશે, જેનું આયોજન મહિસાગર જીલ્લા સહિત દેશની તમામ પંચાયતોમાં થશે. દરેક પંચાયતમાં વીરોને નમન કરવાના હેતુથી એક શિલાફલકમ એટલે કે તકતી મૂકવામાં આવશે.આ તકતીમાં વડાપ્રધાનના વિચાર, વીરોના નામ અને પંચાયતના સ્થળનું નામ, આઝાદીના અમૃત મહોત્સવનો લોગો સહિતની વિગતો હશે. વીરોની વ્યાખ્યામાં સ્વાતંત્ર્ય સેનાનીઓ, સુરક્ષા કર્મચારી (આર્મી, નેવી, એરફોર્સ) રાજય પોલીસ દળ, સીએપીએફના સભ્યોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જે કર્મીઓ પોતાની ફરજ દરમિયાન શહીદ થયા છે, તેમને આ શિલાફલકમ દ્વારા શ્રદ્ધાંજલિ આપવામાં આવશે.

કાર્યક્રમ દરમિયાન પંચ પ્રણની પ્રતિજ્ઞા લેવડાવામાં આવશે અને સહભાગીઓ આ પ્રતિજ્ઞા હાથમાં માટી અથવા દીવડા લઈને કરશે. ઉપસ્થિતો પોતાની સેલ્ફી, આ અભિયાનની વેબસાઈટ પર અપલોડ કરશે. આ ઉપરાંત દરેક પંચાયતમાં ૭૫ સ્વદેશી રોપાઓનું વાવેતર કરી અને 'વસુધા વન' તૈયાર કરવામાં આવશે. કાર્યક્રમમાં વીરોને વંદન કરવાના હેતુ માટે સ્વાતંત્ર્ય સેનાની/ વીરોના પરિવારને આમંત્રિત કરવામાં આવશે, તેમનું સન્માન કરવામાં આવશે. પંચાયતમાં યોજાનાર દરેક કાર્યક્રમમાં ધ્વજ વંદન અને રાષ્ટ્રગાન કરવામાં આવશે.

આ કાર્યક્રમના સુચારૂં આયોજન માટે જીલ્લા કલેક્ટર ભાવિન પંડયા દ્વારા વિવિધ વિભાગના અધિકારીઓને જરૂરી સૂચના અને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. મહિસાગર કલેક્ટર કચેરીના કોન્ફરન્સ હોલમાં યોજાયેલી બેઠકમાં મહિસાગર જીલ્લા વહીવટી તંત્રના ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

# મહીસાગર જીલ્લા કલેકટરના અધ્યક્ષસ્થાને ટીબી ફોરમ અને ડિસ્ટ્રિક્ટ વાઈરલ હીપેટાઈટીસ કંટ્રોલ યુનિટની બેઠક યોજાઇ

લુણાવાડા,

મહીસાગર જીલ્લા કલેક્ટર કચેરી સભાખંડ ખાતે કલેક્ટર ભાવિન પંડયાના અધ્યક્ષસ્થાને મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ જીલ્લા ક્ષય અધિકારી ડો. ડી.ડી.ચૌહાણ દ્વારા ડિસ્ટ્રિક્ટ ટીબી ફોરમ અને હિપેટાઈટીસના કેસોમાં ઉતરોતર નોંધાતા વાઈરલ હિપેટાઈટીસ સામેની દેશની લડાઈની પ્રગતિ અને એચિવમેન્ટ અંતર્ગત ડિસ્ટ્રિક્ટ વાઈરલ હીપેટાઈટીસ કંટ્રોલ યુનિટની પ્રથમ બેઠક યોજવામાં આવી હતી. આ બેઠકમાં અધિક જીલ્લા આરોગ્ય અધિકારી ડો. સી.આર.પટેલિયા, લુણાવાડા ડિસ્ટ્રિક્ટ હોસ્પિટલના આરએમઓ ડો. જે.કે.પટેલ, ઇએમઓ ડો. એન.એસ.ગોસાઇ, તમામ તાલુકા આરોગ્ય અધિકારી, ડીપીસી એનટીઈપી ડો. શ્વેતા પંચાલ અને જીલ્લા ક્ષય કેન્દ્રના સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા. ઉલેખનીય છે કે, ડિસ્ટ્રિક્ટ ટીબી ફોરમ બેઠકમાં રાષ્ટ્રીય ક્ષય નિર્મૂલન પ્રોગ્રામ અંતર્ગત મહીસાગર જીલ્લામાં વર્ષ ૨૦૨૩માં જાન્યુઆરી થી જૂન-૨૦૨૩ અંતીત થયેલ કામગીરી અને વર્લ્ડ હેલ્થ ઓર્ગનાઇઝેશન ડબલ્યુ એચ ઓ કન્સલ્ટન્ટ ડો. હાર્દિક નકશીવાલા દ્વારા ટીબી મુક્ત પંચાયતની વિગતવાર ચર્ચા કરવામાં આવી. જેમાં પંચાયતી રાજ સંસ્થાઓમાં વિકાસના લક્ષ્યો હાંસલ કરવા સ્વસ્થ ગામોની કલ્પના કરવામાં આવે છે. જેમાં મહીસાગર જીલ્લાના ૨૦ ગામો નોંધાયા છે. જીલ્લા ટીમ દ્વારા ટીબી મુક્ત પંચાયતના દાવાઓની ચકાસણી કરી જે પંચાયત સૂચકાંકોમાં ઉતીર્ણ થશે. ટીબી મુક્ત પંચાયત જાહેર કરવામાં આવશે, તેમ જણાવાયું હતું. ડિસ્ટ્રિક્ટ વાઈરલ હીપેટાઈટીસ કંટ્રોલ યુનિટની બેઠક અંતર્ગત જીલ્લા તમામ ડીએચ, એસડીએચ, પીએચસી, સીએચસી, બ્લડ બેન્ક, ડાયાલીસીસ સેન્ટર ખાતે હીપેટાઈટીસ માટે લોહી પરીક્ષણ અને પોજીટીવ દર્દીને વાયરલ લોડ કરી, તમામ લાભાર્થી દર્દીઓને જરૂરી સારવાર મળે. હેલ્થકેર વર્કર માટે હીપેટાઈટીસ-બી ની રસી, હીપેટાઈટીસ-બી પોઝીટીવ માતાથી જન્મેલા નવજાતને જન્મના ૪૮ કલાકમાં હીપેટાઈટીસ-બી ની રસી, હીપેટાઈટીસ-બી એચબીઆઈજીનો જન્મડોઝ ૧૦૦% મળે તેમજ સમાજમાં એઈડ્સ અને હીપેટાઈટીસ જેવી બીમારીની જનજાગૃતિ બાબતે પ્રિવેન્સન લક્ષી કામગીરી થાય જે અંગે જીલ્લા સબ નોડલ અધિકારી ડો. ડી.ડી.ચૌહાણ, દ્વારા જરૂરી સૂચન આપવામાં આવ્યા હતા.



# મહિસાગર જીલ્લા કક્ષાના ૧૫મી ઑગસ્ટ ૨૦૨૩ની ઉજવણીના ભાગરૂપે જીલ્લા કલેકટરની અધ્યક્ષ સ્થાને બેઠક યોજાઇ



મહિસાગર,

મહિસાગર જીલ્લામાં ૧૫મી ઑગસ્ટ ૨૦૨૩ સ્વાતંત્ર દિનની ઉજવણીનો જીલ્લા કક્ષાનો કાર્યક્રમ મહિસાગર જીલ્લાના કડાણા તાલુકા ખાતે યોજાનાર છે. જેના આયોજનના ભાગરૂપે જીલ્લા કલેક્ટર ભાવિન પંડયાના અધ્યક્ષ સ્થાને કલેકટર કચેરી સભાખંડ ખાતે વિવિધ વિભાગોના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક યોજાઇ હતી.

બેઠકમાં કલેકટરએ જણાવ્યું હતું કે, દેશના રાષ્ટ્રીય પર્વ ૧૫મી ઑગસ્ટ ૨૦૨૩ની ઉજવણી થવા જઈ રહી છે. ત્યારે આપણે સૌએ તેમાં સહભાગી બનીએ. વધુમાં વધુ બાળકો અને ગ્રામજનો આ પર્વની ઉજવણીમાં જોડાઇ તે પ્રકારનું આયોજન કરવા સંબધિત અધિકારીઓને જણાવ્યું હતું.

સ્વતંત્ર દિનની જીલ્લા કક્ષાની ઉજવણી કડાણા તાલુકા ખાતે યોજાનાર છે. જેને અનુલક્ષી તમામ સુવિધાઓ જેમ કે પાણીપુરવઠો, વીજળી પુરવઠો, મંડપ, આરોગ્ય જેવી સેવાઓ મળી રહે તેવું આયોજન કરવા તથા ૧૫મી ઑગસ્ટની સ્પિચ તૈયાર કરવા સંબધિત વિભાગોને જણાવ્યું હતું.

આ બેઠકમાં નિવાસી અધિક કલેકટર સી.વી. લટા, પ્રાંત અધિકારી, નાયબ જીલ્લા વિકાસ અધિકારી, મામલતદાર, મુખ્ય જીલ્લા આરોગ્ય અધિકારી, સહિત વિવિધ વિભાગના અધિકારિઓ ઉપસ્થિત રહ્યા હતા.

# સંતરામપુર આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ ખાતે સાહિત્યકાર અર્જુનસિંહ પારગીનું વ્યાખ્યાન યોજયું



સંતરામપુર,

ગોવિંદગુરૂ યુનિવર્સિટી સંલગ્ન આદિવાસી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ સંતરામપુર ખાતે આજરોજ માનગઢ ક્રાન્તિના મહાનાયક ગોવિંદગુરૂના ગુજરાતી સાહિત્યના સૌથી પહેલા વહેલા લેખક અને ગુજરાતી સાહિત્યકાર અર્જુનસિંહ પારગીનું વ્યાખ્યાન યોજવામાં આવેલ. આ પ્રસંગે પ્રિન્સિપાલ ડો. અભય પરમારે જરૂરી આવકાર પ્રવચન કરતાં જણાવેલ કે, માનગઢની મોંઘેરી માટીના સંત ગોવિંદગુરૂ ઉપર સૌથી પહેલવહેલી કલમ ચલાવી ઈતિહાસને ઉજાગર કરનાર જો કોઈ હોય તો તે છે, મહીસાગર જીલ્લાનો વીર પુરૂષ જાતે પ્રા.શિક્ષક હોવા છતાં જે વસ્તુ જાણી છે જોઈ છે, તે સાહિત્ય જગતમાં વર્ણવી છે. આપણાં વડાપ્રધાન મોદીએ ૬૩ મા વનમહોત્સવમાં સાલ ઓઢાડી બહુમાન કરેલ છે. જેમની જીભે આદિવાસી લોકબોલી અને લોકસાહિત્ય જીભની ટેરવે નાચે છે. જે ખરેખર મહાન કાર્ય કર્યું હોય તો એકમાત્ર પ્રાથમિક શિક્ષકે કર્યું છે. આ પ્રસંગે અર્જુનસિંહ પારગીએ યુવાન વિદ્યાર્થીઓ ભાઈ-બહેનોને એવું પ્રેરણાદાયી વક્તવ્ય આપ્યું કે, ઉઠવાનું કોઈએ નામના લીધું આ છે. આગવી આદિવાસી શૈલીની રજુઆત અંતે આભારવિધિ ડો. ઠાકોરએ કરી સૌનો આભાર વ્યક્ત કર્યો હતો.

# સંતરામપુર પોલીસે મોરવા(હ)થી ઈંગ્લીશ દારૂ ઝડપયો



સંતરામપુર,

સંતરામપુર પોલીસને બાતમી મળી હતી કે, કેટા ગાડી મોરવા(હ) તરફથી ઈંગ્લીશ દારૂ ભરી નીકળેલ છે અને લુણાવાડા તરફ જનાર છે. તેવી બાતમીના આધારે ઝાલરડા ગામે નાકાબંધી કરી કાર માંથી ૧,૮૭,૨૯૦/-રૂપીયાનો વિદેશી દારૂ, કેટા ગાડી, મોબાઈલ ફોન મળી કુલ ૫,૯૧,૨૯૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો મુજબ સંતરામપુર પોલીસને બાતમી મળી હતી કે, મોરવા(હ)થી સફેદ કલરની કેટા ગાડીમાં ઈંગ્લીશ દારૂ ભરીને સંતરામપુર થી લુણાવાડા તરફ જવા નીકળેલ છે. બાતમીના આધારે ઝાલરડા ગામ પાસે નાકાબંધી કરી હતી. નાકાબંધી દરમિયાન બાતમીવાળી કેટા ગાડીના ચાલરે રોડ સાઈડ આવેલ ગટરમાં ઉતારી દઈ ચાલક ગાડી છોડી નાશી છુટીયો હતો. પોલીસે કેટા ગાડી નં.જીજે.૧૮.બીકે. ૨૩૮૫ માંથી ઈંગ્લીશ દારૂની નાની-મોટી બોટલો નંગ-૧૦૫૩ તથા બીયર ટીન નંગ-૮૪ મળી કિંમત ૧,૮૭,૨૯૦/-રૂપીયા, મોબાઈલ ફોન, કેટા ગાડી મળી કુલ ૫,૯૧,૨૯૦/-રૂપીયાનો મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો. આ બાબતે સંતરામપુર પોલીસ મથકે પ્રોહિબીશન એકટ હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.


સંતરામપુર તાલુકાના વાવીયા મુવાડા ગામે ખેતરમાં આવી ચડેલ અજગરનું એનિમલ હેલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ અને વિભાગે રેસ્કયુ કરી જંગલ વિસ્તારમાં છોડયો.



દાહોદ શહેરમાં વસતા આદિવાસી સમાજની મહિલાઓ, તેમજ યુવાનો વડીલો દ્વારા સ્ટેશન રોડ પર રાજા પુંજા ભીલ ચોકથી બિરસા મુંડા ચોક સુધી મણિપુરની હિંસામાં ભોગ બનેલી મહિલાઓને ન્યાય અપાવવા તેમજ દોષિતોને ફાંસી અપાવવાની માંગ સાથે ગત રોજ મૌન કેન્ડલ માર્ચ યોજી હતી. આ પેન્ડલ માર્ચમાં આદિવાસી સમાજની મહિલાઓ બાળકો તેમજ વૃદ્ધો વરસતા વરસાદમાં આ કેન્ડલ માર્ચમાં મોટી સંખ્યામાં જોડાયા હતા.

# નારી વંદન ઉત્સવ : દાહોદ ખાતે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરાઇ

દાહોદ,

દાહોદ જીલ્લામાં નારી વંદન ઉત્સવના ભાગરૂપે વિવિધ કાર્યક્રમો યોજાશે. જેમાં આજે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી અને ઘરેલુ હિંસાથી મહિલાઓને રક્ષણ અધિનિયમ-૨૦૦૫ હેઠળ કાયદાકીય માર્ગદર્શન કાર્યક્રમ દાહોદ પોલીસ તાલીમ કેન્દ્ર ખાતે યોજાયો હતો.

કાર્યક્રમમાં નાયબ જીલ્લા પોલીસ અધિક્ષક સિદ્ધાર્થ એ જણાવ્યું હતું કે રાજ્યની મહિલાઓ સામાજીક, આર્થિક, માનસિક અને શારીરિક રીતે સશક્ત બને તથા સમાજમાં ગૌરવભેર આગળ વધે તે માટે રાજ્ય સરકાર દ્વારા નારી વંદન ઉત્સવ-૨૦૨૩ની ઉજવણી કરવામાં આવી રહી છે. તેમને મહિલા લક્ષી યોજનાઓ, મહિલાઓના અન્ય કાયદાકીય અને વર્તમાન સામાજીક સમસ્યાઓ અંગે વિસ્તુત જાણકારી આપી હતી.

આ પ્રસંગે દહેજ પ્રતિબંધક સરક્ષણ અધિકારી પી.આર.પટેલે જણાવ્યું કે, દાહોદ જીલ્લાની મહિલા અને દીકરીઓને પ્રોત્સાહિત કરવા માટે સપ્તાહ દરમિયાન વિવિધ થીમ હેઠળ કાર્યકરો યોજાશે. આજે યોજાયેલા મહિલા સુરક્ષા દિન નિમિત્તે મહિલા શકિતને બિરદાવવાના આશય સાથે લોકોનો પણ ખૂબ આવકાર મળ્યો છે.

શી ટીમના પીએસઆઇ વર્ષા પાંડવ એ સ્ત્રીઓના અધિકારો તેમજ તેમના રક્ષણ વિષે વિસ્તૃત જાણકારી અને કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું. જયારે નઝમાબેને સખી વન સ્ટોપ સેન્ટર વિષે માહિતી આપી હતી.

સાયબરક્રાઈમ માંથી રજનીભાઈ એ સાયબર વિશે લોકોને માહિતગાર કર્યા હતા. લીગલ કમ પ્રોબેશન ઓફીસરએ બાળકોના કાયદા, મહિલા સંબધિત કાયદાઓ ઘરેલું હિંસા અધીનીયમ ૨૦૦૫ તેમજ કામકાજના સ્થળે મહિલાઓની જાતીય સતામણી વિષે વિસ્તૃત જાણકારી તેમજ કાયદાકીય માર્ગદર્શન આપ્યું હતું.

આકાર્યક્રમમાં કાનૂની સેવા સતા મડંળ માથી હીરાલાલભાઈ સોલંકી, વકીલ હિમાંશુભાઈ પરમાર, દાહોદ પોલીસ સ્ટેશનના સ્ટાફ, સહિત દાહોદ સખી વન સ્ટોપ સેન્ટર સ્ટાફ તેમજ ધોરણ-૧૦ અને ૧૨ ની વિદ્યાર્થીનીઓ સહભાગી થયા હતા.

# સંતરામપુર નગરમાં આપ પાર્ટી દ્વારા ખાડાઓ પુરવાનો કાર્યક્રમ યોજયો



સંતરામપુર,

સંતરામપુર આમ આદમી પાર્ટી દ્વારા ગાયત્રી મંદિર થી સ્ટેશન સુધીના રોડ ઉપર પડેલ ખાડાઓ પુરીને તંત્ર અને સત્તાધિશોને જગાડવા પ્રયાસ કરાયો. સંતરામપુર આમ આદમી પાર્ટીને પ્રદેશકક્ષાએથી મળેલ સુચના અનુસાર ખાડા પુરો કાર્યક્રમ યોજવામાં આવ્યો. જેમાં ગાયત્રી મંદિરથી બસ સ્ટેશન સુધી રોડ ઉપર પડેલા મસમોટા ગાબડા અને ખાડાઓ પુરવામાં આવ્યા. સામાન્ય રીતે રોડ ઉપર પડેલ ખાડાઓ મંત્રી આવવાના હોય ત્યારે પુરાઈ જતા હોય છે પરંતુ નાગરિકોને પડતી મુશ્કેલીઓ દુર કરવામાં પાલિકા તંત્ર કે સત્તાધિશોને રસ રહ્યો નથી. જેને લઈ ખાડા પુરાવાના કાર્યક્રમ આપ પાર્ટી દ્વારા યોજયો હતો. જેમાં પાર્ટીની દલસુખ બામણીયા, તલ્હાભાઈ અરબ, પર્વતભાઈ ડામોર, ફારૂક શેખ, જશવંત વણકર તથા પાર્ટીની મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

# બાલાસિનોર તાલુકામાં અત્યારસુધીમાં ૨૦ ઈંચ વરસાદ નોંધાયો : ખેડૂતો ડાંગરની રોપણીમાં જોતરાયા

બાલાસિનોર,

બાલાસિનોર તાલુકામાં અત્યારસુધીમાં ૨૦ ઈંચ વરસાદ નોંધાતા ખેડૂતો ખરીફ પાકોમાં વાવેતરમાં જોતરાઈ ગયા છે. ત્યારે તાલુકામાં સોથી વધુ ડાંગરની રોપણી કરવામાં આવી છે. મળતી વિગતો અનુસાર મહીસાગર જીલ્લામાં લુણાવાડા સહિત અન્ય તાલુકામાં વરસાદ સમકક્ષામાં ઓછો નોંધાયેલ છે. જ્યારે તાલુકાના ખેડૂતો હાલ પાકને લાયક વરસાદ પડતાં ડાંગર,કપાસ સહિત પાકોની માવજતમાં લાગી ગયા છે. ત્યારે છેલ્લા ચાર વર્ષમાં તાલુકામાં વરસાદ ખૂબ ઓછો વરસતા તાલુકાના ખેડૂતોને આ વર્ષે કુદરત પાસે અનેક આશાઓ છે. જ્યારે ચાલુ વર્ષે ૪૯૫ એમ.એમ.વરસાદ નોંધાઈ ચૂક્યો છે. જો વધુ વરસાદ પડેતો કુવા અને રિંગબોરનાં સ્તર ઉચા આવવાની શક્યતાઓ દેખાઈ રહી છે. જેના પગલે શિયાળું અને ઉનાળું પાક ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની રહે તેમ છે.

# આપની આજ.......

મેષ : લવ લાઈફમાં નવી શરૂઆત થશે અને સંબંધો પણ મજબૂત બનશે. સામાજિક તથા રાજનૈતિક સીમા પણ વધશે. કાર્યક્ષેત્રમાં ધૈર્ય અને પ્રતિભા સાથે તમે દુશ્મન પર વિજય મેળવવામાં સફળ થશો.

વૃષભ : નવા કાર્યો શીખવામાં સફળતા મળશે. મહિલાઓ માટે આજનો દિવસ ખૂબ જ ઉત્તમ છે. કાર્યસ્થળ પર તમે તમારી વાત સાચી સાબિત કરી શકશો.

મિથુન : વ્યવસાયમાં થોડા પરિવર્તન જેવી સ્થિતિ બની રહી છે. ધાર્મિક પ્રવૃત્તિના લોકો સાથે મુલાકાત તમારા દષ્ટિકોણમાં આશ્ચર્યજનક અને પોઝિટિવ પરિવર્તન લાવશે. ધાર્મિક અને આધ્યાત્મિક કાર્યો પ્રત્યે તમારો રસ વધશે.

કર્ક : જીવનસાથીના કરિયરમાં પ્રગતિના કારણે પ્રસન્ન રહેશો. વ્યવસાયમાં તમારા સખત પ્રયત્નોથી ઈચ્છા પૂર્ણ થશે. આજે વ્યવસાયિક ગતિવિધિઓ ઘરે રહીને જ યોગ્ય રીતે શરૂ થઈ જશે.

સિંહ : આજે સપના સાકાર કરવાનો દિવસ છે, મહેનતથી કામ લેવું. તમને પૂર્વજો પાસેથી પૈસા મળે તેવી સંભાવના છે. આર્થિક સ્થિતિમાં સુધારો થશે, પરંતુ ખર્ચા પર નજર રાખો. ઠંડા-ગરમ વાતાવરણના કારણે ગળમાં તકલીફ રહેશે. કૌટુંબિક ખર્ચામાં વધારો થશે.

કન્યા : જીવનસાથીનો સહયોગ તમારા મનોબળને જાળવી રાખશે. ભાગદોડ કરવાની જગ્યાએ શાંતિથી કામ પૂર્ણ કરવાની કોશિશ કરો. આજે માનસિક રૂપથી ખૂબ જ સંતોષજનક સમય છે.

તુલા : મિત્રોની સહાયથી અટકેલા કાર્યો પૂરા થશે અને નવા સારા મિત્રો પણ મળી શકશે. વ્યવસાયમાં હાલ વધારે સુધારની જરૂરિયાત નથી. ધાર્મિક અને અધ્યાત્મિક ક્ષેત્રમાં તમારો રસ વધવાથી તમારા વિચાર પણ પોઝિટિવ અને સંતુલિત રહેશે. વ્યસ્તતા વચ્ચે તમે લવ લાઈફ માટે સમય આપશો.

વૃશ્ચિક : ધનલાભના યોગ છે. અન્યની સલાહ લેવાની જગ્યાએ પોતાના મનનો અવાજ સાંભળો અને તેના ઉપર અમલ કરો. વિદ્યાર્થીઓને ગુરુના ટેકાથી ફાયદો થશે.

ધનુ : રોજિંદા ભાગદોડથી થોડી રાહત મળશે. નબળાઈના કારણે પગમાં દુખાવાની પરેશાની રહેશે. આજે મોટાભાગનો સમય અધ્યાત્મક ગતિવિધિઓમાં પસાર થશે. જો કોઈ સરકારી કામ અટવાયેલું છે તો આજે તેના ઉપર કામ કરો.

મકર : પાર્ટનરશિપને લગતાં વ્યવસાયમાં વિશેષ સાવધાની જાળવવાની જરૂરિયાત છે. અટવાયેલાં કે ઉધાર આપેલાં રૂપિયા પાછા મળવાની શક્યતા છે. વાતચીત કરીને તમે તમારું કામ કઢાવી શકશો.

કુંભ : પારિવારિક વાતાવરણ પોઝિટિવ જળવાયેલું રહેશે. વિદ્યાર્થીઓને લગતાં કોઈ કામમાં સફળતા મળવાની પૂર્ણ સંભાવના છે. આ સમયે વર્તમાન ગ્રહ સ્થિતિ તમને અદભૂત શક્તિ પ્રદાન કરી રહી છે. વ્યવસાયિક સ્થળે કામ કરવાની રીતમાં થોડો ફેરફાર કરવાની જરૂરિયાત છે.

મીન : ઘરમાં રિનોવેશન અને સજાવટને લગતા પરિવર્તન આવશે. વિદ્યાર્થીઓએ ખોટી ગતિવિધિઓમાં ધ્યાન ન આપીને પોતાના અભ્યાસ ઉપર ધ્યાન આપવું. સારું વ્યક્તિત્વ હોવાના કારણે અન્ય લોકો તમારી સાથે સંબંધો બનાવવા માગશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

## ગુજરાત મોડેલની વરવી વાસ્તવિકતા

# આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ ચંદવાણાના ગ્રામજનો રસ્તાથી વંચિત





- ચંદવાણા ગામના ૫૦૦ વ્યક્તિઓ ૧૯ મી સદીમાં જીવતા હોવાનું જણાવ્યું.
- કળમી ફળિયાથી મંદિર ફળિયા સુધી જવા રસ્તો જ નથી.
- રસ્તાના અભાવે કાદવ કીચડમાં ચંપલો હાથમાં લઈને પસાર થતા ગ્રામજનો.
- બીમાર અને મરણ પામેલા વ્યક્તિને ખાટલામાં સુવડાવી કાદવમાં ખુપીને લઈ જવા મજબુર ગ્રામજનો.
- દેશ આઝાદ થયોને ૭૫ વર્ષ વીત્યા પણ આ રસ્તો આઝાદી બાદ પણ બનાવવામાં આવ્યો નથી.
- ચોમાસામાં રસ્તાનું ધોવાણ વાહન ચાલકો તો દૂર રાહદારીઓ પણ હાલાકી ભોગવવા મજબુર.
- ઠેકઠેકાણે પાણીનો ભરાવો થતા સરોવર જેવી પરિસ્થતિનું નિર્માણ.
- ચૂંટાયેલા પ્રતિનિધિ તેમજ સંબંધિત વિભાગોમાં રજૂઆત કરતા છતાય પરિણામ શૂન્ય.

દાહોદ,

મધ્ય ગુજરાતના આદિવાસી બાહુલ્ય ધરાવતા દાહોદ જિલ્લામાં દાહોદ જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં રસ્તાની સુવિધાના અભાવે ગ્રામજનો ૧૯મી સદીની પાસણ યુગમાં જીવન નિર્વાહ કરતા હોવાનો અહેસાસ મહેસુસ કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા દેશની સો સ્માર્ટ સિટીઓમાં સામેલ કરાયેલા સ્માર્ટ સિટી દાહોદથી તંદન નજીક આવેલા ચંદવાણા ગામમાં આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ રસ્તાની સુવિધા પ્રાપ્ત ન થતા કળમી ફળિયાથી મંદિર ફળિયા સુધીમાં વસવાટ કરતા ૫૦૦ જેટલા વ્યક્તિઓ કાદવ કિચડ વાળા સામ્રાજ્યમાં હાથમાં ચપ્પલો લઈ રસ્તો પસાર કરી વિશ્વ ફલક પર નામના મેળવનાર ભારત દેશમાં જન્મ્યા હોવાનું અફસોસ વ્યક્ત કરી રહ્યા છે.

દાહોદ જિલ્લાને કેન્દ્ર સરકારે મહત્વકાંક્ષી જિલ્લામાં સામેલ કરેલો છે, તેમજ કેન્દ્ર અને રાજયની ડબલ એન્જિનની સરકારમાં ટ્રાયબલ બેલ્ટ ગણાતા દાહોદમાં અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકેલી છે. તદ્દઉપરાંત પ્રધાનમંત્રી ગ્રામ સડક યોજના મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના સહિતની યોજના અંતર્ગત અંતરિયાળ વિસ્તારોમાં વસવાટ કરતા છેવાડાના માનવીને અવરજવરમાં કોઈ તકલીફ ન પડે તે માટે રસ્તા બનાવવા માટેની સુવિધા ઉભી કરવામાં આવી છે, તો બીજી તરફ રાજય સરકારે છેવાડાના માનવી સુધી છેવાડાના માનવીને વિકાસની મુખ્ય ધારામાં લાવ્યા હોવાના પણ દવાઓ કરવામાં આવ્યા છે, પરંતુ આ તમામ દાવાઓ જમીન પર ઓછા કાગળ પૂરતા સીમિત રહી ગયા હોય તેવા દ્રશ્યો સામે આવી રહ્યા છે. સ્માર્ટ સિટી દાહોદથી માત્ર સાત કિલોમીટરથી દૂર આવેલા ૫,૦૦૦ ની વસ્તી ધરાવતા ચંદવાણા ગામમાં ૪૫૦૦ જેટલા મતદારો છે. આ તમામ મતદારોએ ચૂંટાયેલા પ્રતિનિધિઓને પોતાના ગામમાં સુવિધા યુક્ત રસ્તાઓ તેમજ અન્ય જરૂરી પ્રાથમિક સુવિધાઓ ઉભી કરવા માટે મત આપ્યા હતા, પરંતુ આ તમામ મતદારો દેશ આઝાદ થયું. ત્યારથી લઈ આજ સુધી રાજકીય પાર્ટીઓના લોભામણા તેમજ વિકાસના દાવાઓના વચ્ચેથી છેતરાતા આવી રહ્યા છે. ચંદવાણા ગામમાં કળમી ફળીયાથી મંદિર ફળિયા સુધીનો જવા માટેનો માર્ગને સ્થાનિક વહીવટી તંત્ર અથવા ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા અત્યાર સુધીમાં રસ્તાની સુવિધા પૂરી પાડવામાં આવી નથી. જેના પગલે આઝાદીના ૭૫ વર્ષ બાદ પણ આ વિસ્તારમાં ૨૫ જેટલા ઘરોમાં વસવાટ કરતા ૫૦૦ વ્યક્તિઓ રસ્તાના અભાવે અત્રેથી અવર-જવર કરવા માટે ભારે હાલાકીનો સામનો કરી રહ્યા છે. એટલું જ નહીં આજ રસ્તા ઉપર ગામનું સ્મશાન આવેલું હોવાથી ગામમાં કોઈ વ્યક્તિનું મૃત્યુ પામેતો તેના મૃત્યુને સમશાન સુધી લઈ જવા માટે ગ્રામજનોને નવ નેજા પાણી આવી જાય છે. હાલ ચોમાસાની સીઝન ચાલી રહી છે. ત્યારે રસ્તાઓનું ધોવાણ થતા ઠેકઠેકાણે સરોવરો ઉભરાયા હોય તેવા દ્રશ્યો રોડ ઉપર સર્જાઈ રહ્યા છે, એટલું જ નહીં આ માર્ગ ઉપર મોટરસાયકલતો ઠીક પરંતુ રાહદારીઓ પણ પસાર થવા માટે હાથમાં ચપ્પલ લઈ કાદવ કીચડમાં ખુપીને પસાર થાય છે. આજ માર્ગ ઉપર રસ્તાના અભાવે કોઈ વ્યક્તિ બીમાર પડે તો ગ્રામજનો ભેગા મળી ખાટલામાં બીમાર વ્યક્તિને મૂકી મુખ્ય માર્ગ પર લાવી અને હોસ્પિટલ સુધી પહોંચાડે છે. આવી ખરાબ અને દારૂણ પરિસ્થિતિમાં જીવન નિર્વાહ કરતા ગ્રામજનોએ ગામના સરપંચ તાલુકા પંચાયત જિલ્લા પંચાયત ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ તેમજ સંબંધિત વિભાગોને અનેકોવાર રજૂઆત કરવા છતાંય પણ પરિણામ શૂન્ય જોવા મળી રહ્યું છે. ત્યારે આ મામલે ગામના સરપંચના જણાવ્યા અનુસાર આ માર્ગ ઉપર માટી મેટલ નાખવા માટે નરેગામાં રજૂઆત કરી છે, પરંતુ ચોમાસાની સિઝન હોવાથી વરસાદ રોકાય તો માટી મેટલ નાખીને આ રસ્તો શરૂ કરવામાં કહેવામાં આવ્યું છે.ત્યારે ચૂંટાયેલા પ્રતિનિધિઓ તેમજ સંબંધિત વિભાગો દ્વારા આ ગ્રામજનોની દુર્દશા તેમજ સુવિધાને ધ્યાને લઈ રસ્તાનું ડામરીકરણ ન થાય ત્યાં સુધી કાદવ કીચડ વાળા સામ્રાજ્યમાં માટી મેટલ નાખી રસ્તો શરૂ કરે તો ગ્રામજનોને અવરજવર કરવામાં થતી અસુવિધાઓ પણ મહદઅંશે દૂર થાય તેમ છે.

# ફતેપુરા ના ગરીબ આદિવાસી ખેડૂતો ઊંચા ભાવે ખાતર અને જંતુ નાશક દવા ખરીદવા મજબૂર બન્યા

- ૩૫૦ થી ૫૦૦ રૂપિયા આપી યુરિયા ખાતર ખરીદવા મજબુર.
- ફતેપુરા તાલુકામાં મોટા ભાગે ખાતર અને જંતુનાશક દવાઓ નકલી આવતી હોવાની ચર્ચા.

ફતેપુરા,

ફતેપુરા તાલુકામાં ચોમાસાની શરૂઆત થતાની સાથે જ બિલાડીની ટોપી જેમ ખાતરના કાળાબજારીયા ફૂટી નીકળે છે અને ગામે ગામ ખાતરની હાટડીઓ ચાલુ થઈ જતી હોય છે અને ખેડૂતોને ઊંચા દરે ખાતર ખરીદવું પડતું હોય જયારે એગ્રો સંચાલકો પાસે થી પૂરતો જથ્થો પર્યાપ્ત ન હોવા થી ખેડૂતો કાળાબજારીયા ઓ પાસે ખાતર અને જંતુનાસક દવાઓ ખરીદવા મજબુર બન્યા છે.



ફતેપુરા તાલુકામાં મોટા ભાગના ખેડુતો યુરિયા ખાતરનો ઉપયોગ ઉગાડેલા પાકો પર કરે છે. ખેતરમાં વાવવામાં આવેલ મકાઈ, ડાંગર, શાક-ભાજી, સોયાબીન જેવા વિવિધ પાકોને ખાતરની જરૂરીયાત હોય છે. દરેક પાકમાં ઓછા વતા પ્રમાણમાં યુરિયા કે ડી.એ.પી ખાતર નાખવાની જરૂર પડતી હોય છે. વાવણી કે રોપણી કરી દીધા પછી પાકમાં જંતુનાશક દવા અને ખાતરનો ઉપયોગ કરવામાં આવતો હોય છે.

ફતેપુરા તાલુકામાં ચોમાસાની શરૂઆત થતાની સાથે જ ખાતરના કાળાબજારીયા માજા મૂકી દેતા હોય છે. ફતેપુરા તાલુકામાં મેઘારાજા ખેડૂતો પર મહેરબાન થતા ખેડૂતો વાવણી તરફ વળ્યાં છે. ખેડૂતોએ ડાંગર, મકાઈ, સોયાબીન, તુવેર જેવા પાકોનું વાવેતર કર્યું છે. ત્યારે હાલ મકાઈ, સોયાબીન જેવા પાકોને યુરિયા ખાતરની ખુબ જ જરૂરિયાત હોવાથી ખેડૂતો ખાતરની ખરીદી ઊંચા ભાવે કરવા મજબુર બન્યા છે. ત્યારે સરકાર દ્વારા યુરિયા ખાતરની ૫૦ કિલોની બેગનો ભાવ ૨૬૮/- રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે અને ૪૫ કિલોની બેગનો ભાવ ૨૪૨/- રૂપિયા નક્કી કરવામાં આવ્યો છે. જયારે ફતેપુરાના સુખસર, બલૈયા, ઘુઘસ તેમજ ફતેપુરા નગરમાં આવેલા એગ્રો સંચાલકો તેમજ વેપારીઓ ખેડૂતો પાસે થી બમણો ભાવ વસૂલી ખાતરની કાળાબજારી કરી રહ્યા છે. હાલ ફતેપુરા તાલુકામાં એગ્રો સંચાલકો અને વેપારીઓ ખેડૂતો પાસે ૩૦૦ થી લઈને ૫૦૦ રૂપિયા સુધીના ઊંચા ભાવે ખાતરનું વેચાણ કરી રહ્યા છે. છતાં તંત્ર ઘોર નિંદ્રામાં છે કે પછી આવા સંચાલકો પાસે થી મોટા પ્રમાણમાં મલાઈ મળી રહી હોવા થી તંત્ર ચૂપ બેઠું છે. તેવા અનેક સવાલો ખેડૂતોમાં ઊભા થઈ રહ્યા છે. ત્યારે આવા એગ્રો સંચાલકો અને વેપારીઓ વિરૂદ્ધ ક્યારે તંત્ર પગલા લે છે, તે તો આવનાર સમય જ બતાવશે. પરંતુ હાલ તો આદિવાસી ગરીબ ખેડૂતને ઊંચા દરે ખાતર ખરીદવા સિવાય કોઈ પણ ઉપાય નથી.

# દાહોદ બે IPS અધિકારીઓની બદલી થતાં પોલીસ પરિવારે વિદાય સમારંભ યોજયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

ગુજરાત સરકારે તાજેતરમાં ૭૦ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલીનો ગંજીફો ચીપ્યો હતો. જેમાં દાહોદ એસપી બલરામ મીણાની અમદાવાદ વેસ્ટન રેલવેમાં બદલી કરવામાં આવી હતી, તો એસપી તરીકે પ્રથમ પોસ્ટિંગમાં દાહોદમાં ફરજ બજાવી ટૂંકા ગાળાના કાર્યકાળમાં પોલીસ અધિક્ષક તરીકે પ્રમોશન મેળવી દાહોદમાં નામના મેળવનાર નવનિયુક્ત એસ.પી. જગદીશ બાંગરવાની વડોદરા સેન્ટ્રલ જેલ ખાતે બદલી કરવામાં આવી હતી. જોકે, રાજય વ્યાપી આ બદલીઓના દોરમાં હેપ્પી જગદીશ બાંગરવાને તો પ્રમોશન મળતા તેમની બદલી તો સ્વાભાવિક હતી. પરંતુ ૧૪ માસના ટૂંકા ગાળામાં દરેક પરિસ્થિતિમાં એક પરફેક્ટ ટ્રેનરની જેમ સકારાત્મક અભિગમ સાથે પોલીસના પ્રશ્નો અથવા ગુનાખોરીના પ્રશ્નોને કુનેહપૂર્વક સોલ્વ કરી દાહોદ પોલીસને સતત પ્રેમ, હૂંફ તેમજ માર્ગદર્શક તરીકેની ભૂમિકામાં રહેનાર એસપી બલરામ મીણાની બદલીએ સૌ કોઈને ચોકાવી દીધા હતા. જોકે, સરકારી મહેકમમાં બદલી અને બઢતી તો ફરજનો એક ભાગ છે ત્યારે બંને પોલીસ અધિકારીઓએ ટૂંકા ગાળામાં પોલીસ અને પ્રજા વચ્ચે સમનવ્ય રાખી સમયગાળામાં ખૂબ જ સારી રીતે દાહોદ પોલીસની છબી વધુ ઉજળી કરવાનું ભગીરથી કાર્ય કર્યું છે. ત્યારે જે પ્રકારે બંને પોલીસ અધિકારીઓએ પોલીસ પરિવારમાં એક આદર્શ અધિકારીની અમિટ છાપ છોડી છે, તેવા અધિકારીઓને પણ ગૌરવ અનુભવાય તે રીતે દાહોદ પોલીસ પરિવારે હર્ષભેર વિદાયથી વધાવી લીધો હતો. જેમાં નેશનલ હાઈવે પર આવેલા અવંતિકા રિસોર્ટ પર પોલીસ પરિવાર દ્વારા યોજવામાં આવેલા વિદાય સમારંભમાં દાહોદ કલેકટર ડો. હર્ષદ ગોસાવી તેમજ તેમની ધર્મ પત્ની, પ્રાયોજના વહીવટદાર સ્મિત લોઢા તેમજ તેમની ધર્મપત્ની વિશાખા જૈન, આઈ.એ.એસ. અધિકારી, દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી, કર્મવીર સેવા સમિતિ, પત્રકાર જગતના મેન સ્ટ્રીમ ગણાતા વરિષ્ઠ પત્રકારો તેમજ પોલીસ પરિવારની ઉપસ્થિતિમાં આ વિદાય સમારંભ યોજાયો હતો. જેમાં ઉપરોક્ત અધિકારીઓએ બંને પોલીસ અધિકારીઓ સાથેના સમયગાળા દરમિયાન વહીવટી કામકાજના અનુભવો સાર્વજનિક કર્યા હતા. તો પોલીસ અધિક્ષક બલરામ મીણાના કાર્યકાળ દરમિયાન, પોલીસ વેલ્ફેર, ફિટનેસ, કાર્યશૈલી, પોલીસ મથકોના સ્ટ્રક્ચર તેમજ પોલીસ પરિવારના તમામ બાબતોને ખૂબ જ અંગત રસ દાખવી દૂર કરવાના પ્રયાસો અંગે માહિતગાર કર્યા હતા. એટલું જ નહીં બલરામ મીણાએ તેઓના નાનકડા કાર્યકાળમાં પોલીસ પરિવાર માટે તેમજ દાહોદ પોલીસ માટે કરેલા કાર્યોને જોતા તેઓ વધુ એક વર્ષ રોકાણ કરતા તો પોલીસના ઘણા બધા પ્રશ્નો હલ થવા અંગે પણ કહેવામાં આવ્યું હતું. ઉપરોક્ત બંને પોલીસ અધિકારીઓ રાજસ્થાનથી નાતો ધરાવતા હોવાથી આ બંને પોલીસ અધિકારીઓનો સન્માન પણ રાજસ્થાની પરંપરા મુજબ કરવામાં આવ્યું હતું. દાહોદ પોલીસે તેઓને ખભે બેસાડી પુષ્પોની વરસાદ વચ્ચે ડીજેના તાલે નાચતા હર્ષભેર વિદાય આપી હતી. આ પ્રસંગે બંને પોલીસ અધિકારીઓ પણ પોલીસ પરિવાર સાથે ડીજે ના તાલે ગરબે ઘુમ્યા હતા. તેઓએ પણ આવી હર્ષભેર વિદાય તેમજ દાહોદને સદૈવ યાદ રાખી દાહોદ માટે કંઈ પણ કરી બતાવવાની તૈયારીઓ સાથે પુષ્પવર્ષા વચ્ચે હસતા મોઢે અશ્રુભરી વિદાય લીધી હતી.

## ગરબાડા તાલુકાના નઢેલાવમાં અગમ્ય કારણોસર ૧૯ વર્ષીય પરણીતાએ ગળે ફાંસો ખાઈ આત્મહત્યા કરી


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

ગરબાડા તાલુકાના નઢેલાવ ગામના બારાના કુવા ફળિયામાં રહેતા અલ્કેશભાઈ ભુરીયાની પત્ની શર્માબેન અલ્કેશભાઈ ભુરીયા ઉ.વ. ૧૯ નાઓએ કોઈ અગમ્ય કારણોસર તેના ઘરના ધાબા ઉપર જવાની સીડીના કેબીનના લોખંડના એંગલ ઉપર દોરડુ બાંધી ગળે ફાંસો ખાઈ જીવન ટૂંકાવ્યું હતું. ઘટના સંદર્ભે અલ્કેશભાઈ દ્વારા જેસાવાડા પોલીસ મથકે જાણ કરવામાં આવતા પોલીસે આ દિશામાં વધુ તપાસમાં ચક્રોગતિમાન કર્યા છે.



દાહોદ જીલ્લા નિવૃત કર્મચારી મંડળના પ્રમુખ રતનસિંહ રાઠોડના અધ્યક્ષ સ્થાને અને મહેન્દ્રકુમાર નળવાયા નિવૃત સંયુક્ત આદિજાતિ કમિશનર ગાંધીનગર તથા અશોકભાઈ સરપંચ ગરબાડા, સબૂરભાઈ પરમાર નિવૃત્ત કર્મચારી મંડળ ગરબાડા તાલુકા, દાહોદ જીલ્લા નિવૃત કર્મચારી સેવા મંડળ ઉપ પ્રમુખ છોટુભાઈ બામણીયા, ડો.નિખિલ પટેલના મુખ્ય મહેમાન પદે મળી હતી. જેમાં ગત વર્ષના વાર્ષિક હિસાબો અને પ્રોસિડીંગનુ વાંચન, સાથે આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારીની રચના કરવામાં આવી.

## દાહોદ પાંચવાડામાં એક વ્યકિતએ બાઈક અકસ્માતમાં વીમા પોલીસીમાં છેડછાડ કરી પોલીસ મથકમાં રજુ કરતાં છેતરપિંડીની ફરિયાદ

દાહોદ,

દાહોદ જીલ્લાના પાંચવાડા ગામના એક વ્યક્તિને પોતાની મોટર સાયકલના થયેલ અકસ્માતમાં તેઓએ લીધેલી વીમા પોલીસી સાથે છેડછાડ કરી સુધારાવધારા કરાવી બનાવટી વીમા પોલીસીના દસ્તાવેજ બનાવી તેનો સાચા તરીકે પોલીસ સ્ટેશનમાં રજુ કરતા તે વીમા પોલીસીની ચકાસણીમાં વીમા પોલીસીના દસ્તાવેજ બનાવટી હોવાનું બહાર આવ્યાનું જાણવા મળ્યું છે.

ગત તા. ૯-૨-૨૦૧૭ના રોજ થયેલ અકસ્માતમાં જીજે-૨૦ એમ-૭૮૮૫ નંબરની હીરોહોન્ડા પેશન મોટર સાયકલના માલિક દાહોદ જીલ્લાના ગરબાડા તાલુકાના પાંચવાડા ગામના કેનાલ ફળીયામાં રહેતા સંજયભાઈ કુવરાભાઈ કળમીએ આઈ.સી.આઈ.સી.આઈ. લોમ્બાર્ડ કંપીનીની ઉતરાવેલ વીમા પોલીસી નંબર /૫૨૨૦૧૩૭/૧/૧૦/૦૦૪૩૮૧માં છેડછાડ કરી વીમા પોલીસીમાં સુધારા વધારા કરાવી બનાવટી વીમા પોલીસીના દસ્તાવેજોનો સાચા તરીકે ઉપયોગ કરી દાહોદ તાલુકા પોલીસ સ્ટેશનમાં ઉપરોક્ત અકસ્માતના બનાવના કામે બનાવટી વીમા પોલીસી રજુ કરી હતી. જેની અમદાવાદ ખાતેની બ્રાંચમાં ચકાસણી માટે મોકલાતા જ્યાં તાલુકા પોલીસ સ્ટેશનમાં રજુ કરવામાં આવેલ વીમા પોલીસી બનાવટી હોવાનું જણાઈ આવ્યું હતું.

આ સંબંધે પાંચવાડા કેનાલ ફળિયાના સંજયભાઈ કુંવરાભાઈ કળમી વિરૂદ્ધ અમદાવાદના મનોજભાઈ મોહનભાઈ શાહે દાહોદ તાલુકા પોલીસ સ્ટેશને નોંધાવેલ ફરિયાદને આધારે પોલીસે ઈપિકો કલમ ૪૨૦, ૪૬૫, ૪૬૭, ૪૬૮, ૪૭૧ મુજબ છેડતપિંડીનો ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

## દે.બારીયા શહેર માંથી પસાર થતો માર્ગ અને મકાન વિભાગના રોડ ઉપર ખાડા પુરવા માટે કોંગ્રેસ પ્રમુખે ગાંધીગીરી કરી હતી. હવે આમ આદમી પાર્ટી ગાંધીગીરી કરે


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીયા,

દે.બારીયા શહેર માંથી પસાર થતો રોડ જે પાવાગઢના યાત્રાળુઓ માટે શોર્ટકટનો માર્ગ છે. જેથી હજારો પાવાગઢના યાત્રાળુઓ પસાર થાય છે, તો રોડ ઉપર ખાડાઓથી પરેશાન થાય છે. એક માસ અગાઉ દે.બારીયા તાલુકાના શહેર પ્રમુખના દ્વારા ગાંધીગીરી કરી ખાડાઓ પાસે બેસીને વીડીયો વાયરલ થતા બીજા દિવસે તે ખાડા યુદ્ધના ધોરણે ખાડાઓનું પૂરણ કરવામાં આવ્યું હતું. હાલમાં ફરી ખાડાઓ પડી ગયા હોવાથી આમ આદમી પાર્ટી ગાંધીગીરી કરીને ખાડઓનું પૂરાણ જે મુજબ ઝાલોદ નગરમાં આમ આદમી પાર્ટીના ઝાલોદ વિધાનસભાના ઉમેદવાર ગરાસીયાના નેતૃત્વમાં ખાડાઓનું પૂરાણ કરવા માટે તગારા-પાવડા લઈને ખાડાઓ ભરીને પ્રતિકાત્મક વિરોધ દર્શાવ્યો હતો. તે મુજબ દે.બારીયમાં પસાર થતો હાઈ વે રોડ જેમાં મસમોટા ખાડા પડી ગયા હોવાથી પાવાગઢના યાત્રાળૂઓને હાલાકી વેઠવી પડે છે. જેથી આમ આદમી પાર્ટી સક્રિય થાય અને આ ખાડાઓનું પૂરાણ કરવા માટે ટુંક સમયમાં કાર્યક્મ બનાવે તેવી અવરજવર કરતી આમ જનતાને આશા છે. જો આમ આમ થાય તો જ માર્ગ અને મકાન વિભાગની લીમખેડા સ્થિત કચેરીનું તંત્ર કુંભકર્ણની નિંદ્રા માંથી જાગશે તેમાં બે મત નથી.

સંવેદનશીલ અને ગતિશીલ ગુજરાતના રોડ ટીપટોપ બનાવવામાં આવે છે. તેવી ગુલબાંગો પોકારાય છે. પરંતુ વાસ્તવિક્તા કંઈ અલગ છે. અત્રે ઉલ્લેખનિય છે કે, સંચા ગલીના નાકે થી ભે દરવાજા સુધીના રોડ ઉપર ખાડામાં રોડ છે કે પછી રોડમાં ખાડા છે. તે સમજાતું નથી. આ રોડને બને લગભગ આઠ થી દસ વર્ષ થયા તેના બાદ ત્રણ વર્ષ સુધ કોન્ટ્રાકટરની ફરજમાં આવે છે. તેનું સમારકામ કરે પરંતુ હવે તો આનું કાર્ય માર્ગ અને મકાન વિભાગમાં આવતો હોય તેમાં પણ ખાયકીના બીલો બનતા હશે ? થીંગળા થાંગળીથી નહીં ચાલે હવે તો આ રોડને સંપૂર્ણ નવો બનાવવાની સ્થિતી થવા પામી છે. જેથી આ રોડના ખર્ચમાં નગર પાલિકાનો પણ હિસ્સો લાગુ પડે છે તો તેઓ હાલમાં વહિવટી અધિકારીઓના હાથમાં છે. સુપર સીટ થવાથી બન્ને વિભાગોના વહીવટી અધિકારીઓ સંયુકત રીતે આ ડિસ્કો રોડનું કાર્ય હાથ ધરે તેવી સંવેદનશીલ રાજ્યની આમ, પ્રજાની માંગ ઉઠવા પામી છે.

## ઝાલોદ નગરપાલિકાના ઇ.ચીફ ઓફિસર દ્વારા નગરમાં ચાલતી સ્ટ્રીટ લાઈટની સમસ્યાને લઈ ઓચિંતી વિઝિટ કરાઈ


તસ્વીર : પંકજ પંડીત, ઝાલોદ

ઝાલોદ,

ઝાલોદ નગરમાં છેલ્લા ઘણા સમયથી અવારનવાર કેટલીય વાર અલગઅલગ વિસ્તારોમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતી હોવાની બુમ નગરજનો કરી રહ્યા છે. તેને લઈ ઝાલોદ ભાજપના પ્રમુખ દિનેશ પંચાલ અને મહામંત્રી અનુપ પટેલ દ્વારા દાહોદ જીલ્લા ભાજપ પદાધિકારીઓની કમલમ ખાતે યોજાયેલ સંકલન મીટીંગમાં નગરની વિવિધ સમસ્યા જેમકે રોડ, નગરના પ્રવેશ દ્વાર, વરસાદી પાણીના નિકાલ, ભૂગર્ભ ગટરની સફાઈ, લાઇટને લઈ રોજીંદી સમસ્યાનો મુદ્દો દાહોદ જીલ્લા પ્રભારી સતીષભાઈ પટેલ, જીલ્લા ભાજપ પ્રમુખ શંકર અમલીયાર, ઝોન મહામંત્રી નરેન્દ્રભાઈ સોની તેમજ ઉપસ્થિત ભાજપ પદાધિકારીઓ સમક્ષ રજૂઆત કરતા આ સમસ્યાઓ દૂર કરવા દાહોદ જીલ્લા પદાધિકારીઓ દ્વારા ટેલીફોનીક રીતે ઝાલોદ નગરના લાગતા વળગતા અધિકારીઓ સાથે ચર્ચા કરી સમસ્યાઓનું સમાધાન કરવા માટે કહ્યું હતું. જીલ્લા પ્રભારી સતીષ ભાઈ પટેલને લોકોમાં નગરપાલિકા વિશે શું રીવ્યુ છે એની વિસ્તૃતમાં અનુપભાઈ પટેલે ચર્ચા કરી હતી. ત્યારબાદ ઇ.ચીફ ઓફિસર દીપસિંહ હઠીલાએ રાત્રે એક્શન મોડમાં આવી. સંતરામપુર થી સ્ટાફ બોલાવી તાત્કાલિક લાઈટ ચાલુ કરવાનું સૂચન આપ્યું હતું. મુવાડામાં ૩ વિસ્તારમાં ૪૫ દિવસ થી લાઈટ બંધ હતી અને સ્ટાફ બહાના કાઢી રહ્યા હતા. મહામંત્રી અનુપ પટેલ દ્વારા જીલ્લામાં રજુઆત કરતાએ ૨ દિવસમાં ચાલુ કરવાની બાંહેધરી આપી છે. ઝાલોદ નગર પાલિકાના ઇ.ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા દ્વારા નગરપાલિકાના લાઈટમેન અને કિશોરભાઈને સાથે રાખી નગર પાલિકા ઝાલોદ વિસ્તારના ભાજપ શહેર પ્રમુખ દિનેશ પંચાલ, મહામંત્રી અનુપ પટેલ, પૂર્વ કાઉન્સિલર ટપુ વસૈયા, બટુલ ડામોરને સાથે જોડી નગરના દરેક વિસ્તારોની ઓચિંતી વિઝિટ રાત્રીના ૮:૩૦ વાગે કરવા નીકળ્યા હતા અને કયા કયા વિસ્તારોમાં ક્યાં ક્યાં લાઇટ કેમ બંધ છે, તે અંગે નગરની વાસ્તવિક પરિસ્થિતિનો ચિતાર મેળવ્યો હતો. નગરની વિઝિટ દરમ્યાન લગભગ દરેક વિસ્તારોમાં લાઇટ ચાલુ જોવા મળ્યા હતા અને જ્યાં લાઇટ બંધ છે. ત્યાંની વાસ્તવિક પરિસ્થિતિ વિશે માહિતી મેળવી કાયમી ધોરણે લાઇટ ચાલુ કરવા માટે નિર્દેશ નગરપાલિકાના સ્ટાફને આપ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.292

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા
પંચમહાલ સમાચાર

# યાત્રાધામ પાવાગઢ પાસે ૧૧,૦૦૦ જેટલા નેટિવ પ્લાન્સનું વાવેતર કરેલ 'વન કવચ'ને CMના હસ્તે ખુલ્લો મુકાશે




- આગામી તા.૩જી ઓગસ્ટે ઉદ્‌ઘાટનને લઈને તંત્ર દ્વારા પૂર્વ તૈયારીનો ધમધમાટ.
- વન વિભાગ દ્વારા ૧૦૦ થી વધુ પ્રકારના પ્લાન્ટનું ટુંકાગાળામાં તૈયાર કરાયા.
- સમગ્ર બાગ આકર્ષણનું કેન્દ્ર બનીને નવી ઓળખાણ મળશે.
- યાત્રાળુઓ અને પ્રકૃતિ પ્રેમીઓ માટે એક જોવાલાયક સ્થળ બનશે.



હાલોલ,
સુપસિદ્ધ યાત્રાધામ મહાકાળી મંદિર અને વર્લ્ડ હેરીટેઝ સાઈટ ધરાવતા પાવાગઢમાં એક પછી એક સરકાર દ્વારા અનેક વિકાસના કામો અને પ્રકલ્પો નિર્માણ કાર્ય હાથ ધરી રહ્યા છે. ત્યારે ટુંકાગાળામાં તૈયાર કરેલ 'વન કવચ 'માં ૧૦૦થી વધુ પ્રકારના ૧૧,૦૦૦ જેટલા નેટિવ પ્લાન્સનું વાવેતર કરીને દર્શનાર્થીઓ માટે જોવાલાયક બધુ એક સ્થળ ઉભું કરવામાં આવ્યું છે. આકર્ષક અને કલાત્મક ગુંબજો બનાવવામાં આવ્યા છે.જે વનનું આગામી ૩જી ઓગસ્ટે મુખ્યમંત્રીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવનાર છે. જેને લઈને આગામી સમયમાં પ્રવાસન પ્રવૃતિને વેગ મળવાની સાથે પાવાગઢને નવી એક ઓળખાણ અને ફરવા ફરવાના સ્થળ તરીકે સ્થાન મળનાર છે.

પાવાગઢ નજીક આવેલા વિરાસતવનની બાજુમાં નિર્માણ પામેલા 'વન કવચ'નું ઉદઘાટન ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે કરવામાં આવનાર છે. ગુરૂવારે રાખવામાં આવેલા ઉદઘાટન કાર્યક્રમની હાલ તડામાર તૈયારીઓ કરવામાં આવી રહી છે. વન વિભાગ દ્વારા ખૂબ ટૂંકા સમયમાં આ વન કવચ તૈયાર કરી દેવામાં આવ્યું છે.પાવાગઢ ખાતે રાજયમાં આ બીજું વન કવચ બનાવવામાં આવ્યું છે. જેનું ઉદ્ઘઘાટન ગુરૂવાર-૦૩ ઓગસ્ટના રોજ રાજયના સીએમના હસ્તે કરવામાં આવનાર છે. હાલોલ નજીક પાવાગઢ બાપપાસ ઉપર ૧૧



વર્ષ પહેલાં બનાવવામાં આવેલા વિરાસતવનની બાજુમાં વન વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલા વન કવચનું ગુરૂવારે રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલના હસ્તે ઉદઘાટન કરવામાં આવશે. જિલ્લાનું વહીવટી તંત્ર તેની તડામાર તૈયારીઓમાં લાગી ગયું છે. વડાતળાવ ખાતે આવેલી પંચ મહોત્સવની સાઇટ ખાતે સીએમ ભુપેન્દ્ર પટેલ સભા સંબોધશે અને ત્યારબાદ વન કવચનું ઉદઘાટન કરશે. વન વિભાગ દ્વારા વનમાં ૧૦૦થી વધુ પ્રકારના ૧૧,૦૦૦ જેટલા નેટિવ પ્લાન્સનું વાવેતર કરીને જંગલ બનાવવામાં આવ્યું છે. અહીં ૧૧ વર્ષ પહેલા બનાવવામાં આવેલા વિરાસતવનમાં આજે વર્ષે એક લાખથી વધારે પ્રવાસીઓ તેની મુલાકાતે આવી રહ્યા છે. ત્યારે અહીં વર્લ્ડ હેરિટેજ સાઇટના સ્મારકો જોવા માટે આવતા પ્રવાસીઓ અને મહાકાળી ધામ પાવાગઢના માતાજીના દર્શને આવતા દર્શનાર્થીઓ માટે જોવાલાયક બધુ એક સ્થળ ઉભું કરવામાં આવ્યું છે. વન કવચમાં ત્રણ ગજેબો બનાવવામાં આવ્યા છે. પથ્થરની શીલાઓ ગોઠવીને બનાવવામાં આવેલા આ ગજબ ઉપર વૃક્ષોના પાંદડાની કોતરણી કરી તેમાંથી ઓછા વજનવાળા આકર્ષક અને કલાત્મક ગુંબજો બનાવવામાં આવ્યા છે. વન કવચમાં સ્કાય વોકનું નિર્માણ કરવામાં આવ્યું છે. અહીં આવતા પ્રવાસીઓ અને યાત્રાળુઓ માટે સ્કાય વોક અને વોચ ટાવર ઉપર ચઢીને વન કવચની સુંદરતાને નિહાળી શકે અને કેમેરામાં કેદ કરી શકે તે રીતની વ્યવસ્થા ઉભી કરવામાં આવી છે. વન વિભાગ દ્વારા વન કવચનો જે ગેટ તૈયાર કરવામાં આવ્યો છે. તે ગેટના નિર્માણ માટે પાવાગઢમાં માચી ખાતે આવેલા સાત કમાનના સ્ટ્રક્ચરની જે આર્ક છે. તે આર્ક જેવી કમાન વાળો ગેટ તૈયાર કરવામાં આવ્યો છે. ગુરૂવારે સીએમ ભૂપેન્દ્ર પટેલના હસ્તે આ વન કવચનું ઉદઘાટન કરવામાં આવનાર છે. ત્યારે વડા તળાવ ખાતે તેઓના સંબોધન સ્થળ ખાતે વિશાળ ડોમ બનાવવાની તૈયારીઓ પૂરજોશમાં ચાલી રહી છે. વિરાસત વનમાં આવતા સલાણીઓ વન કવચની મુલાકાત પણ ચોક્કસ લેશે તેવી વન વિભાગે આશા વ્યક્ત કરી છે. વધુમાં વન વિભાગે જણાવ્યું છે કે, અહીં આવનારા પ્રવાસીઓ પાસે કોઈપણ પ્રકારની ફી વસૂલવામાં આવશે નહીં.

## અંબાજી બાદ રાજયમાં આ બીજું 'વન કવચ'

પીએમ મોદીની સૂચના અને ઈચ્છા મુજબ રાજયના ધાર્મિક તીર્થસ્થાનો ઉપર આવા વન કવચ બનાવવાની કામગીરી વન વિભાગ દ્વારા કરવામાં આવી રહી છે. પીએમ મોદીએ અંબાજી અને પાવાગઢ ખાતે આવા વન બનાવવમાં આવે તેવી ખાસ ઈચ્છા વ્યકત કરી હતી. એટલે અંબાજી ખાતે આવું વન બનાવી તેનું પર્યાવરણ દિવસના દિવસે ઉદ્ઘાટન કરવામાં આવ્યું હતું. પાવાગઢ ખાતે રાજયમાં આ બીજું વન કવચ બનાવવામાં આવ્યું છે.

## સ્ટેચ્યુ ઓફ યુનિટી જેવી મિયાવાક પદ્ધતિથી વન નિર્માણ

અહીં વનમાં ૧૦૦થી વધુ પ્રકારના ૧૧,૦૦૦ જેટલા નેટિવ પ્લાન્સનું વાવેતર કરવામાં આવ્યું છે. એક હેક્ટરથી વધારે જમીનમાં બનાવવામાં આવેલા આ વન કવચને મિયાવાકી પદ્ધતિથી બનાવવામાં આવ્યું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે જે પદ્ધતિથી વન નિર્માણ કરવામાં આવ્યું છે. તે પદ્ધતિથી અહીં જમીન તૈયાર કરવામાં આવી હતી અને તેમાં ૧૧,૦૦૦ જેટલા પ્લાન્ટનું વાવેતર કરીને જંગલ બનાવવામાં આવ્યું છે.

# ગોધરા રેન્જ નાયબ પોલીસ મહા નિરીક્ષક તરીકે આર.વી. અસારી દ્વારા સત્તાવાર રીતે ચાર્જ સંભાળવામાં આવ્યો



ગોધરા,
પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહા નિરીક્ષક તરીકે આર.વી.અંસારી દ્વારા સત્તાવાર રીતે ચાર્જ સંભાળવામાં આવ્યો છે. ગોધરા ડીઆઈજી કચેરી પોલીસ વિભાગની જોગવાઈ મુજબ સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે તેઓએ કાયદાની અવગણના કરતાં તત્વો સામે ડરનો માહોલ ઉભો થાયએ પ્રકારે કામગીરી કરવા સાથે જ જાહેર જનતાની રજુઆત માટે કચેરી સમયગાળા દરમિયાન કાયમ દરવાજા ખુલ્લા રહેશે એમ જણાવ્યું હતું. ઉલ્લેખનીય છેકે, આર.વી. અસારી અગાઉ દાહોદ જિલ્લામાં ડીવાયએસપી, ગોધરા ડીવાયએસપી અને પંચમહાલ ડીએસપી તરીકે ફરજ બજાવી ચુકયા હોવાથી તેઓ ગોધરા રેન્જની તમામ પરિસ્થિતિ થી વાકેફ પણ છે.

રાજયના ગૃહ વિભાગ દ્વારા આઈપીએસ અધિકારીઓની બદલીનો કરવામાં આવી હતી. જેમાં પંચમહાલ ગોધરા રેન્જ નાયબ પોલીસ મહાનિરીક્ષક ચિરાગ કોરડિયાની અમદાવાદ સેકટર-૧ અધિક કમિશનર ઓફ પોલીસ તરીકે બદલી થઈ હતી. જ્યારે ગાંધીનગર ઈન્ટેલિજન્સ-૨ના ડીઆઇજી રાજેન્દ્ર અંસારીની ગોધરા રેન્જ ડીઆઇજી તરીકે નિયુક્તિ થઈ હતી. રાજેન્દ્ર અંસારી દ્વારા આજે સત્તાવાર રીતે ચાર્જ સંભાળવામાં આવ્યો છે. નવનિયુક્ત ડીઆઇજી આર.વી.અંસારીએ જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જાળવવાની કામગીરીને પ્રાથમિકતા આપવાનું જણાવ્યું હતું. વધુમાં તેઓએ જણાવ્યું હતું કે, રેન્જમાં કોઈપણ અરજદાર તેઓને નિઃસંકોચ કોઈપણ પ્રશ્નને લઈને મુલાકાત કરી શકશે. આ પ્રસંગે જિલ્લા પોલીસવડા હિમાંશુ સોલંકી સહિત તમામ પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતાં.

## હાલોલ તાલુકાના બાસ્કા ગામની લવાદ કેસમાં શ્રી જનતા સહકારી બેન્ક ટાંચમાં લીધેલ મિલ્કત ઘરનું તાળું સીલ તોડી કબ્જો કરી લેતાં ફરિયાદ

હાલોલ,
હાલોલ તાલુકાના બાસ્કા ગામેના આરોપીએ નામદાર બોર્ડ ઓફ નોમનીશનના લવાદ કેસમાં હુકમ મુજબ આરોપીની સ્થાવત જંગમ મિલ્કત કબ્જે લઈ વસુલાત માટે શ્રી જનતા સહકારી બેન્ક દ્વારા રાખવામાં આવેલ હરાજીમાં અડચણ કરવા જપ્ત કરી ટાંચમાં લીધેલ મિલ્કતનું સીલ અને તાળું ખોલી પ્રવેશ કરી કબ્જે કરતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ તાલુકાના બાસ્કા ગામે રહેતા મહંમદ હુસેન શબ્બીર અહેમદ મકરાણીએ નામદાર બોર્ડ ઓફ નોમીનીશનના લવાદ કેસ નં. ૧૫૩/૨૦૧૮, ૧૫૪/ ૨૦૧૮, ૧૫૮/૨૦૧૮, ૧૫૯/૨૦૧૮, ૧૬૨/૨૦૧૮ થી કરેલ હુકમ મુજબ આરોપીની સ્થાવર જંગમ મિલ્કત દાવાની રકમ વસુલ કરાવવા શ્રી જનતા સહકારી બેન્ક હાલોલને મિલ્કત કબ્જે લઈ વસુલાત કરવા કરેલ કાયદેસરના હુકમનું પાલન નહિ કરી શ્રી જનતા બેન્ક દ્વારા રાખવામાં આવેલ હરાજીમાં અડચણ હેરાનગતિ કરવા માટે બાસ્કા ગ્રામ પંચાયતની મિલ્કત નં.૧૬૪ (નવો મિલ્કત નં.૧૮૫) જપ્ત કરી ટાંચમાં લીધેલ મિલ્કત ઘરમાં ગેરકાયદેસર રીતે શીલ તાળું તોડી પ્રવેશ કરી કબ્જો કરી લેતાં આ બાબતે હાલોલ રૂરલ પોલીસ મથકે મહંમદ હુસેન મકરાણી વિરૂદ્ધ ફરિયાદ નોંધી કાયદેસર કાર્યવાહી હાથ ધરી છે.

## કાલોલ એમ.એમ.ગાંધી કોલેજ ખાતે નારી વંદના ઉત્સવ નિમિતે મહિલા સુરક્ષા ઉજવણી કરાઈ



કાલોલ,
એમ. એમ.ગાંધી આટ્‌ર્સ એન્ડ કોમર્સ કોલેજ કાલોલ તથા જીલ્લા મહિલા અને બાળ વિકાસ વહીવટી તંત્ર પંચમહાલના સંયુક્ત ઉપક્રમે નારી વંદના ઉત્સવ નિમિત્તે મહિલા સુરક્ષા દિવસની ઉજવણી કરવામાં આવી. કાર્યક્રમમાં કોલેજના આચાર્ય ડો. કિશોર વ્યાસ, સંસ્થાના મંત્રી એડવોકેટ જયંતીભાઈ પટેલ, પંચમહાલ જીલ્લા પોલીસ ઈન્સ્પેક્ટર, મહિલા પોલીસ સ્ટેશન ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન કાઉન્સિલર, પંચમહાલ જીલ્લા મહિલા અને બાળ અધિકારી, જીલ્લા સુરક્ષા સેતુની હાજરીમાં કરવામાં આવ્યો. જેમાં કોલેજના એન.એસ.એસ.ના સ્વયંસેવકો તેમજ કોલેજની વિદ્યાર્થીનીઓ મોટી સંખ્યામાં સહભાગી થયા. વિદ્યાર્થીનીઓ માટે કોલેજમાં ભવાઈ કાર્યક્રમ દ્વારા નારી ઉત્કર્ષનું મહત્વ સમજાવવામાં આવ્યું. કાયદાકીય યોજનાઓ અંગે આઈ.ઈ.સી. વિતરણ અને સાયબર ગુના એસ.એચ.ઈ. ટીમ તથા ૧૮૧ અભયમ મહિલા હેલ્પલાઈન એપ્લિકેશનનું ડેમોસ્ટ્રેશન અને ડાઉનલોડ કરાવવામાં આવ્યું. જીલ્લાના અંતરિયાળ વિસ્તારમાં ઘરેલુ હિંસા અધિનિયમ ૨૦૦૫ અન્વયે જાગૃતતા કેળવે તે અંગેના વક્તવ્ય આપવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓએ રસપૂર્વક ભાગ લીધો હતો. સમગ્ર કાર્યક્રમના વ્યવસ્થાના ભાગરૂપે એનએસએસ કો-ઓર્ડીનેટર તેમજ પ્રોગ્રામ ઓફિસર પ્રો. મયંક શાહ અને ડો. હરેશ સુથારે ભારે જહેમંત ઉઠાવી હતી.

## ગોધરામાં આઈ.ટી.આઇ. ગુરૂકૃપા સોસાયટીના ૪૦ વર્ષીય વ્યક્તિ ગદુકપુર નદીના પાણીમાં ડુબી જતાં મોત

ગોધરા,
ગોધરા તાલુકાના ગદુકપુર ગામે બાયપાસ રોડથી ઉતરતા પુલ નીચે આઈ.ટી.આઈ. પાછળ ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા ૪૦ વર્ષીય વ્યકિત નદીના પાણીમાં અગમ્યકારોણસર પડી પાણી પી જતાં મરણ જતાં ગોધરા રૂરલ પોલીસ મથકે અ.મોતની ફરિયાદ નોંધાવા પામી છે. પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા જાફરાબાદ આઈ.ટી.આઈ. ગુરૂકૃપા સોસાયટીમાં રહેતા દેવરાજ ચંદુલાલ કલવાણી ઉ.વ.૪૦ એ ગદુકપુર ગામે બાયપાસ રોડથી ઉતરતા પુલ નીચે કોઈ અગમ્યકારણોસર નદીના પાણીમાં પડી જતાં પાણી પી જતાં મોત નિપજાવા પામ્યું. આ બાબતે ગોધરા રૂરલ પોલીસ મથકે મોતની ફરિયાદ નોંધાવા પામી છે.

# સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના મિકેનિકલ વિદ્યાર્થીઓએ વોલ્ટસબેકો પ્લાન્ટની મુલાકાત લીધી



ગોધરા,
સરકારી ઈજનેરી કોલેજ, ગોધરા ના મિકેનિકલ -ઈલેક્ટ્રિકલ વિદ્યાશાખાના રેફ્રીજરેશન અને એરકન્ડિશનિંગ વિષયમાં રસ ધરાવતા વિદ્યાર્થીઓ માટે ઈન્ડિયન સોસાયટી ફોર હિટિંગ, રેફ્રીજરેટિંગ અને એર કન્ડિશનિંગ(ISHRAE) સોસાયટીનુ સ્ટુડન્ટ ચેપ્ટર ચાલે છે. જેના અંતર્ગત સાણંદ ખાતે આવેલ વોલ્ટસ બેકોના પ્લાન્ટની મુલાકાતનુ આયોજન કરવામાં આવેલ હતું. ઉપરોક્ત વિઝીટમાં સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના વિદ્યાર્થીઓ PDEU-ગાંધીનગર, તેમજ સરકારી ઈજનેરી કોલેજ-ભાવનગરના વિદ્યાર્થીઓ સાથે જોડાયેલ હતા. કંપની વતી સિનિયર મિકેનિકલ એન્જીનીયર વિરલભાઈ શાહ એ વિદ્યાર્થીઓને પ્રેસેંટેશન આપ્યું હતું. ત્યારબાદ પ્લાન્ટની મુલાકાત કરાવી હતી. આખા દિવસની આ મુલાકાતમાં વિદ્યાર્થીઓના ટેક્નિકલ પ્રશ્નોનો પણ સચોટ ઉકેલ આપવામાં આવ્યો હતો. સોસાયટીના અમદાવાદ ચેપ્ટરના મહર્ષ પટેલ, રૂચિર પરીખ, આશુતોષ વ્યાસ, રાજેન્દ્રભાઈ વિગેરેએ આ મુલાકાતનું આયોજન કરેલ હતું. પ્રો. હાર્દિક શુક્લ એ જણાવ્યું હતું કે, અમારી સંસ્થામાં આ ચેપ્ટર ૩ શરૂ થવાંથી વિદ્યાર્થીઓને ખુબ ઝડપી આગળ વધતી HVACR ઈન્ડસ્ટ્રી સાથે સાંકળી શકાય છે. સરકારી ઈજનેરી કોલેજ, ગોધરાના ફાઈનલ યરમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી અક્ષર તેમજ પ્રિ ફાઈનલ યરમાં અભ્યાસ કરતી વિદ્યાર્થીની પ્રિયા ચૌહાણએ જણાવ્યું હતું કે, આ પ્રકારની ખુબ મોટા પ્લાન્ટની મુલાકાતથી અમને ટેક્નિકલ જ્ઞાનમાં તેમજ પ્લાન્ટ મેનેજમેન્ટ સ્કિલમાં વધારો થયો છે.

# હાલોલ પાવાગઢ રોડ ગોળીબાર ફળીયાનું મકાન ભાડે આપવા ભાડા કરાર નહિ કરી જાહેરનામાનો ભંગ કરતા મકાન માલિકની અટકાયત

હાલોલ,
હાલોલ પાવાગઢ રોડ ઉપર આવેલ મકાન માલિકે હાલોલ પોલીસ દ્વારા આર્મ્સ એકટમાં અટક કરવામાં આરોપીને ભાડેથી આપ્યું હતું. કોઈપણ જાતનો ભાડુઆત કરાર નહિ કરાવી જીલ્લા મેજીસ્ટેટના જાહેરનામાનો ભંગ કરતાં મકાન માલિક વિરૂદ્ધ જાહેરનામા ભંગનો ગુન્હો નોંધી અટકાયત કરાઈ.

પ્રાપ્ત વિગતો મુજબ હાલોલ-પાવાગઢ રોડ ઉપર આવેલ ગોળીબાર ફળીયામાં આવેલ ઘર નં.૧૦૩૪ના માલિક સાજેદાબાનું હનીફભાઈ મેમણ દ્વારા ભાડે આપવામાં આવ્યું હતું. મકાન આર્મ્સ એકટના ગુન્હામાં પકડાયેલ આરોપીને થંમગ ઉર્ફે તન્ગમ પેરૂમલ તેવર ( રહે. ઈસ્ટ શેરાપટીના પેટાઈયુટ, જીલ્લા. મદુરાઈ, તલીમનાડુ ) ને ભાડે આપ્યું હતું અને મકાન માલિક દ્વારા ભાડા કરાર નહિ કરાવી જીલ્લા મેજીસ્ટેટ કલેકટરના જાહેરનામાનો ભંગ કરતાં મકાન માલિક વિરૂદ્ધ જાહેરનામા ભંગની ફરિયાદ નોંધી અટકાયત કરવામાં આવી છે.